Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ ● અંક : ૪૩ ● તા. ૨૦ થી ૨૬ ઓક્ટોબર ૨૦૧૨ ● વાર્ષિક લવાજમ ₹ ૫૦ ● Regn.No.MH/MR/East/53/2012-14

**શ્રી ક.દ.ઓ. જૈન કચ્છ એકમ અને શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-ગાંધીધામ**
**શ્રી ક.દ.ઓ. જૈન સાર્થક યુવક મંડળ-બૃહદ ગાંધીધામના ઉપક્રમે**

## -: સરસ્વતી સન્માન સમારોહ :-

**કાર્યક્રમ સહયોગ : પ્લેટીનમ દાતા :**

**શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ પરિવાર-ગાંધીધામ**
**હ. શ્રીમતિ સીમાબેન લબ્ધિકુમાર મોમાયા**



કચ્છ એકમના માનદમંત્રી શ્રી પદમશીભાઈ લાલકાનું ઉદ્બોધન અને મંચ ઉપર બિરાજમાન મહાનુભાવો



મંચસ્થ મહાનુભાવો અને દાતાશ્રી



'વિદ્યારત્ન' એવોર્ડસ વિતરણ કાર્યક્રમમાં ઉપસ્થિત જ્ઞાતિજનો



તા.૯-૯-૧૨ના કાર્યક્રમમાં ઉપસ્થિત જ્ઞાતિબહેનો



"સાર્થક" યુવક મંડળની કાર્યકર ટીમ



દાતા શ્રીમતિ સીમાબેન મોમાયાનું સન્માન



પ્લેટીનમ દાતા સીમાબેનનું સન્માન કરતી કાર્યકર બહેનો



શ્રી ભલારાદાદા એસ્ટેટ એજન્સી ગ્રુપ-પરિવાર દ્વારા વિદ્યાર્થીઓને પારિતોષિક



શ્રીમતિ સીમાબેન મોમાયાના હસ્તે વિદ્યારત્ન એવોર્ડસ એનાયત



શૈક્ષણિક સિધ્ધી પ્રાપ્ત છાત્રોને દાતાના હસ્તે ઈનામ વિતરણ



સૌ. સીમાબેન મોમાયાના હસ્તે છાત્રોને પારિતોષિક



ઉત્તીર્ણ છાત્રોને કાર્યક્રમમાં ઈનામ એનાયત



શ્રીમતિ સીમાબેન મોમાયાના હસ્તે ઈનામ વિતરણ



તેજસ્વી છાત્રોને શૈક્ષણિક ઈનામ અર્પણ

**આદ્યતંત્રીઓ**
**"પ્રકાશ"**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**: કાર્યાલય :**
**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર**
**સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
**www.prakashsamiksha.com**
**E-mail:kdo_prakash@yahoo.co.in**

**નોંધ:** આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

# તંત્રી સમીપે : શ્રી સમસ્ત જ્ઞાતિ મહાજન, મુંબઈ મહાજન અને શ્રી અનંતનાથજી ટ્રસ્ટનું સાન્નિધ્ય આશાજનક સંકેતો આપે છે...

શ્રી સમસ્ત મહાજનશ્રીના ટ્રસ્ટઓની ગત ૧૯ ઓક્ટોબરની સભાની કાર્યસૂચિઓની કેટલીક બાબતો મુંબઈ મહાજનશ્રીને સ્પર્શતી હોવાથી તે સંદર્ભે મુંબઈ મહાજનશ્રીના અધિકારીઓને તે સભામાં ઉપસ્થિત થવા આમંત્રણ અપાયું હતું જેનો સાદર સ્વીકાર કરવાની સાથે તે સભામાં આ અધિકારીઓએ જે સકારાત્મક પ્રતિભાવ આપ્યો અને જે રીતે નિખાલસતા તથા ખેલદિલીપૂર્વક સમસ્ત મહજાનશ્રીના ટ્રસ્ટીઓ સાથે તેમણે વિચારવિમર્શ કર્યો તે ઘટનાક્રમ એક રીતે આશાજનક સંકેતો આપે છે.

થોડા દિવસો પૂર્વે શ્રી ક.દ.ઓ. મંડળ, ડોંબિવલી દ્વારા વાર્ષિક સ્નેહમિલન સમારોહ યોજાયો તે દરમ્યાન મંચ પર અન્ય અગ્રણીઓ સાથે શ્રી સમસ્ત મહાજનશ્રીના સેક્રેટરી જનરલશ્રીને બીરાજમાન ન કરવાને લીધે થયેલ ગંભીર ઔચિત્યભંગને કારણે તેમજ ત્યાં થયેલ વક્તવ્યોમાં, છેલ્લા એકાદ વર્ષથી સમસ્ત મહાજનશ્રી દ્વારા જ્ઞાતિના વિવિધ વસતી વિસ્તારોમાં યોજાતી જનજાગરણ કે સંપર્ક સભાઓ વિષે અશોભનીય ટીકા થવાને કારણે તેમજ સેક્રેટરી જનરલશ્રીને વક્તવ્ય આપવા વિનંતિ કરતી ઘોષણાઓ કર્યા બાદ તે કેટલીકવાર મુલતવી રાખવાની જે બાલિશ ચેષ્ટાઓ થયેલ તેને કારણે અને તેવી જ રીતે ત્યાં કેટલાક અગ્રણીઓએ ડોંબિવલીમાં જ્ઞાતિનું પોતાનું અદ્યતન સભાગૃહ નિર્માણ કરવા સંદર્ભે ત્રણેક દાયકાઓથી થતી આવતી ઉપેક્ષાઓ અને વચનભંગની પરંપરાઓના મુદ્દે સામસામા વિવાદાસ્પદ વક્તવ્યો થયા તેને કારણે ડોંબિવલી મંડળ ક્ષોભજનક પરિસ્થિતિમાં મૂકાયું તે તો એક વાત પણ આ બધી કટૂતા ને અવિનયકારી બાબતોની સંયુક્ત અસરરૂપે જ્ઞાતિ અગ્રણીઓ અને જનસામાન્યમાં જે ઉતરતી કક્ષાનો અભિપ્રાય બંધાઓ તેને લીધે જ્ઞાતિના સમાજજીવનમાં નિરાશાજનક અંધકારપટ છવાઈ રહ્યાના જે એંધાણ વર્તાતા હતા તેને તાજેતરની મુંબઈ મહાજનશ્રી અને શ્રી સમસ્ત મહાજનશ્રીની આ સંયુક્ત બેઠકમાં સૌ ઉપસ્થિતો દ્વારા લેવાયેલ સકારાત્મક અભિગમે જડમૂળથી ઉખેડી નાખ્યું તે ગતવિધિએ સાનંદાશ્ચર્ય કહેવાને બદલે સાશ્ચર્યાનંદ સર્જી દીધો છે તેમ આ તળક્કે અવશ્યપણે કહી શકાય.

વસ્તુતઃ તો, સમસ્ત મહાજનશ્રીની છેલ્લા એકાદ વર્ષ દરમ્યાનની જનસંપર્ક (જનજાગરણ કેમ કહેવાય?) સભાઓમાં મુંબઈ બહાર વસતા જ્ઞાતિજનોએ જે મુદ્દાઓ પર એક સૂરે અવાજ ઉઠાવ્યો છે તેનું એક રીતે સંકલન કરીને સમસ્ત મહાજનશ્રીના ટ્રસ્ટીગણે પોતાના ટ્રસ્ટીઓની તાજેતરની ઉક્ત સભાની કાર્યસૂચિમાં મુંબઈ મહાજનશ્રીના પ્રવૃતિપરિઘને સંબંધિત જે બે મુખ્ય બાબતો આમેજ કરી હતી તેમાં એક મુંબઈમાં જ્ઞાતિના અતિથિગૃહ નિર્માણ અને બીજી સમસ્ત મહાજનશ્રીની યોજાતી જનસંપર્કની સભાઓના મુંબઈના આયોજન સંબંધી હતી.

આમ, આ સંયુક્ત બેઠકના પ્રારંભમાં જ મુંબઈ મહાજનશ્રીના પ્રમુખશ્રીએ, જાહેરમંચ પર અન્યોન્ય સાથે આક્ષેપો કે ટીકાત્મક કે કોઈને પણ નીચે પાડવા સ્વરૂપના વિધાનો કરવાથી સૌ દૂર રહે તેવો અનુરોધ કર્યો હતો. અને પોતાના દ્વારા એ સંદર્ભે ક્ષતિ

થયાનો પણ ખેલદિલીપૂર્વક એકરાર કરી "મિચ્છામિ દુક્કડમ્" કરવા વિનંતિ કરતાં એક નવા જ સકારાત્મક આંદોલન સર્જતું વાતાવરણ ખડું કર્યું હતું તેના પગલે એ બેઠકમાં, નિખાલસતાથી જે ચર્ચા વિચારણા થઈ તેમાં મુંબઈમાં અતિથિગૃહ નિર્માણનો પ્રશ્ન, શ્રી અનંતનાથજી ટ્રસ્ટની સ્કીમની જોગવાઈઓના માળખામાં રહી કાર્યવાહી થાય તેની ઈચ્છનીયતાનો પ્રશ્ન તેમજ સ્વભાવિકપણે અનંતછાયાનો પ્રશ્ન વગેરે ચર્ચામાં હતા અને અંતે આગામી ૩૧ ઓક્ટોબર ૨૦૧૨ મુંબઈ મહાજનશ્રીના અધિકારીવર્ગ, શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને શ્રી સમસ્ત મહાજનશ્રીના સર્વ ટ્રસ્ટીગણની એક સંયુક્ત સભા યોજવાનું નક્કી થયું હતું જેમાં મુંબઈ મહાજનશ્રી તથા અનંતનાથજી ટ્રસ્ટબોર્ડ તરફથી સમગ્ર વસ્તુસ્થિતિની વિગતવાર સમજણ અને સ્પષ્ટતાઓ અપાશે અને તેને લીધે સ્વભાવિકપણે જ્ઞાતિના અન્ય પ્રશ્નોની પણ છણાવટ થશે તે દૃષ્ટિએ મહત્વની જ્ઞાતિ સમસ્યાઓ પર સમગ્ર જ્ઞાતિસ્તરે વ્યાપક અને સઘન વિચાર વિમર્શ થતાં તેને પરિણામે જ્ઞાતિના વિશાળ હિતમાં કોઈ ચોક્કસ ઉપયુક્ત દિશાસૂચન મળશે તેવો આશાવાદ અવશ્યપણે સેવી શકાય.

આ રીતે મુંબઈમાં અતિથિગૃહના નિર્માણ માટે શ્રી અનંતનાથજી ટ્રસ્ટની ઘાટકોપર, કાંજુરમાર્ગ કે ભાંડુપની જમીનો કે નવી મુંબઈમાં કેટલાક જ્ઞાતિ અગ્રણીઓ દ્વારા વ્યક્તિગત ધોરણે લેવાયેલ જમીન જેની મુંબઈ મહાજનશ્રીને સોંપણી થયેલ છે. તેનો મહાજનવાડી સહિતના ઉદ્દેશ્ય માટે કઈ રીતે ઉપયોગ કરી શકાય, તેજ રીતે ડોંબીવલીમાં સભાગૃહ અને મહાજનવાડીનું નિર્માણ કરવા શા રીતે પ્રયોજના કરી શકાય.

"અનંતછાયા"ના પ્રશ્ને ટ્રસ્ટની સ્કીમમાં સાધારણ ખાતાની કલમ ૧૯(ઓ)ની પુર્તી કરવાના હેતુસર આંશિક ડેવલપમેન્ટ આર્થિકપણે નબળા જ્ઞાતિજનોના લાભાર્થે કરવું અથવા તો ચેરીટી કમીશ્નર સમક્ષ રહેલી કાર્યવાહીમાં એક અન્ય ડેવલપર દ્વારા સૂચિત ઓફરમાં, જમીનનો અમુક હિસ્સો લીઝ પર લેવાનો પ્રસ્તાવ (જેથી ટ્રસ્ટની માલિકી સંપુર્ણ જમીન પર જારી રહેશે) કરાયો છે તેને અનુલક્ષીને વર્તમાન ડેવલપર જેમની સાથે ટ્રસ્ટે, ચેરીટી કમીશ્નરની મંજુરીને આધીન જમીન વેચાણનો કરાર કર્યો છે અને જેઓ અનંતછાયાના ભાડુતોમાં વિશ્વસનીયતા ધરાવે છે અને જેઓ જૈનધર્મી સુશ્રાવક છે તેમની નિમણુકમાં બદલી કર્યા વિના જ્ઞાતિના અમુક અગ્રણીઓ જેઓ તેમની સાથે ઘનિષ્ટ વ્યવહાર ધરાવે છે. તેમના આ નિકટના સંબંધોનો ઉપયોગ કરી તે જ રીતે લીઝ પર જમીન લેવા જ્ઞાતિના વિશાળ હિતમાં તેમની સાથે ફેર સમજુતીનો કરાર કરવા અંગે કેવી શક્યતાઓ છે તે મુદ્દે તથા જ્ઞાતિના ઉચ્ચ શિક્ષણ, વૈદકીય અને અન્ય સાધર્મિક સહાયને લગતા પ્રશ્નો પણ આ આગામી ૩૧ ઓક્ટોબરની સંયુક્ત સભામાં એખલાસતા અને નિખાલસપણે વિચારવિમર્શ થાય તેવી અપેક્ષા રાખી શકાય.

અલબત, આ સર્વ પ્રશ્નોનું નિરાકરણ કે સમાધાન તાત્કાલિક સાધી ન શકાય તો પણ, આવનાર દિવસોમાં સમગ્ર જ્ઞાતિમાં જુદા જુદી દિશાઓમાં વેરાઈ ગયેલાં ઉર્જાતરંગો ફરીથી સમુચિતપણે સુદ્રઢતાપૂર્વક કેન્દ્રગામી બને તે માટે સૌ સંબંધિતો દ્વારા પ્રમાણિક નિષ્ઠાથી પ્રયત્નશીલ થવાનો પ્રારંભ થાય તેટલી આગોતરી શુભેચ્છાઓ તો આ આગામી સંયુક્ત બેઠક માટે અવશ્યપણે આપીએ.

– રા.

## ૮મા વસતીપત્રકના પ્રીન્ટીંગ બાબત

જ્ઞાતિના ૮મા વસતીપત્રકના પ્રીન્ટીંગ બાબતે જે કોઈ જ્ઞાતિજન પ્રીન્ટીંગના ક્ષેત્રે બહોળો અનુભવ અને સંપૂર્ણ In House Facility (સગવડ) ધરાવતા હોય તેમને પોતાની કંપનીના Profile સાથે નીચે જણાવેલ વિગત અનુસાર સંપર્ક કરવા વિનંતી છે.

લી. **વસતીપત્રક સમિતિ**

સંપર્ક : વિનોદ ધુલ્લા-મો.098201 22366

Email : kdovasti@gmail.com

વસતીપત્રકના ભરેલા ફોર્મ પાછા સ્વીકારવાની **છેલી તારીખ ૩૧-૧૦-૨૦૧૨.**

સર્વે જ્ઞાતિજનો, મહાજનશ્રીઓને નમ્ર અપીલ ફોર્મ ભરવા અને ભરાવવા આપશ્રીના શ્રેષ્ઠ સહયોગની અપેક્ષા છે.

## શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

# મેડીકલ કેમ્પ

**હાડકા** તથા **કીડની**ની તકલીફ ધરાવતા જ્ઞાતિજનો માટે વિશેષ મેડીકલ કેમ્પનું આયોજન છે.

આ કેમ્પમાં ઉપચાર માટે ખાસ રાજકોટથી નિષ્ણાત **ડો. રાજેશ ઠક્કર** સેવા આપવા પધારશે.

ઘુંટણનો દુખાવો, સાઈટીકા, કમરનો દુખાવો, ખભાનો દુઃખાવો, પગના તળીયા, પેનીનો દુઃખાવો વગેરેની નિદાન કરી સારવાર આપવામાં આવશે.

શુક્રવાર **તા.૨૬-૧૦-૧૨ના સવારે ૯.૩૦ થી ૫.૦૦** દરમ્યાન ફક્ત **હાડકા**ની તકલીફ ધરાવતા જ્ઞાતિજનો માટે કેમ્પ રહેશે. જેમાં ચકાસણી કરી નિદાન કરાશે. અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. મર્યાદિત નામ નોંધણી થશે.

શનિ-રવિ. **તા.૨૭ અને ૨૮-૧૦-૧૨**નાં ફક્ત **કીડની**ના રોગ ધરાવતા જ્ઞાતિજનો માટે નિદાન કેમ્પ રહેશે.

સમય : શનીવાર સવારે ૧૦ થી સાંજે ૬ સુધી અને રવિવારે સવારે ૧૦ થી બપોરે ૨ સુધી રહેશે.

**આ કેમ્પમાં ડાયાબીટીસ માટે ખાસ ટ્રીટમેન્ટ અપાશે.**

**-: મેડીકલ કેમ્પ સ્થળ :-**

**ચેમ્બુર આદેશ્વર દેરાસરની સામે, શ્રી ચેમ્બુર જૈન મેડીકલ રીલીફ સેંટર**

**ખાસ નોંધ :** કેમ્પના લાભ માટે રજીસ્ટ્રેશન ફોન પર કરાવવું જરૂરી છે અને કેમ્પમાં પહોંચ્યા પછી પ્રથમ રજીસ્ટ્રેશનના રૂા.૨૫ ભરવાના રહેશે. કીડનીના દર્દીઓને અપાતી દવાઈના ચાર્જ અલગથી આપવાનો રહેશે.

રજીસ્ટ્રેશન તથા વધુ વિગત માટે સંપર્ક : **અજય શાહ - 9892272777**

**સર્વે જ્ઞાતિજનોને આ કેમ્પનો લાભ લેવા હાર્દિક અનુરોધ છે.**

## હાર્દિક અભિનંદન !



**શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા**

**(સુજાપુર-રાયપુર)**

**શ્રી ચંદ્રશભાઈ છેડાની હાલમાંજ છતીશગઢ રાજ્યના સ્કાઉટ એન્ડ ગાઇડ ડીપાર્ટમેન્ટમાં કમિશ્નર ઓફ સ્ટેટ હેડ ક્વાર્ટર** પદે નિમણૂક થઈ છે. એ બદલ હાર્દિક અભિનંદન.

**તેઓ :** ★ સમસ્ત ક.દ.ઓ. જ્ઞાતિ મહાજનના ટ્રસ્ટી, ★ શ્રી ઉત્તર ભારત ક.દ.ઓ. જૈન એકમના પ્રમુખ ★ છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના માનદમંત્રી ★ શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન યુવામંડળના સંયોજક ★ રાજ્ય સરકારની સાક્ષરતા મિશનના કારોબારી સભ્ય ★ શ્રી છત્તીસગઢ ગુજરાતી યુવા મંચના ઉપપ્રમુખ ★ ભા.જ.પ.ના મંડળ પ્રમુખ ★ રાયપુરમાં શાસકીય સ્કુલના ઉપપ્રમુખ છે.

★ વન મંત્રાલના વન-પ્રાણી અભિરક્ષા મંડળનાં રાજ્ય સભ્ય ★ ખેલ યુવા કલ્યાણ વિભાગના રાજ્ય જ્યુરી મેમ્બર ★ શાસકીય પર્યટન વિભાગની સલાહકાર સમિતિના સભ્ય ★ છત્તીસગઢ રાજ્ય રેડ ક્રોસ સમિતિ દ્વારા રક્તદાન એવોર્ડ

**અમી આશિર્વાદ : માતુશ્રી રતનબાઈ રાયશી મોતા પરિવાર એવમ્ માતુશ્રી ગુણવંતીબેન ખીમજી મૈશેરી પરિવાર (નાનીસિંધોડી-રાયપુર)**

## પ્રેરણા–પ્રકાશ : ક્યારેક ખૂબ બધું અને ભરપુર જીવી લેવાનું હોય છે.

લાગણીની તીવ્રતાની મૂડી દરેકની પાસે નથી હોતી. ઉત્કટ ઉદાસીની ગહેરાઇને સ્પર્શી ચૂકેલાઓ જ સમજી શકે ગમગીનીના સૌન્દર્યને હવામાનની અસર મન પર થાય? કે મનમાં ચાલતી લાગણીઓ મુજબ હવામાનનું ગમવું ન ગમવું નક્કી થાય? આજની સવાર કોડાઈ કેનાલના પહાડી વાતાવરણ જેવી, ધૂંધળી, પ્રકાશરહિત અને ભેજવાળી સવાર હતી. હિલ સ્ટેશનની હવા જાણે ઘેરબેઠાં મળી ગઈ. આ જ વાતાવરણને કોઈ ગ્લૂમી, ઉદાસ પણ કહી શકે. આવી સવાર કોઈકના મનમાં ઉત્સાહ તો કોઈકના મનમાં ઉદાસી લાવી દે છે. મની આવી સ્થિતિનો જશ (કે વાંક) વાતાવરણને આપવાનો?

મસ્તી અને સુસ્તીની વચ્ચે ઝોલાં ખાતું મન ચોવીસે કલાક ને ત્રણસો પાંસઠ દિવસ પરિસ્થિતિ એકસરખી હોય તોય એકસરખી પ્રતિક્રિયા દેખાડી શકતું નથી. ગઈ કાલે તો મેં એમને રાત્રે પોણા અગિયાર વાગ્યે ફોન કર્યો છતાં એમણે કેટલી શાંતિથી મારી સાથે વાત કરી. આજે એ જ ટાઈમે ફોન કર્યો તો કહે કે આ કંઈ ફોન કરવાનો સમય છે. છ મહિના પહેલાં તમારી કોઈક નાનીસરખી વાતે હું ગુસ્સે થયો હોઉં અને છ મહિના પછી એવી પરિસ્થિતિમાં એવી વાત બને ત્યારે મને બિલકુલ ગુસ્સો ન આવે એવું બને. ચોક્કસ બને.

પોતાના કે સામેવાળાના આવા અણધાર્યા પ્રતિભાવ આવી શકે એવું સ્વીકારવાની ઉદારતા જ્યાં સુધી ન ઊગે ત્યાં સુધી મનમાં કલહનું સામ્રાજ્ય રહેવાનું. લોખંડના સળિયાની એક જાહેરખબર બહુ જોવા મળતી. અમારા સ્ટીલ પ્લાન્ટમાં ખાતરીપૂર્વકનો અને ચોકસાઈપૂર્વક તૈયાર કરેલો માલ મળશે એવું કહેવા જાહેરખબરમાં બૅચ નં.૪૮, બૅચ નં.૭૪, બૅચ નં.૧૨૩ ઇત્યાદિમાં તૈયાર થયેલા સળિયાની તસવીરો છે. જુદા જુદા દિવસે બનેલા સળિયાની જાડાઈ સેન્ટિમીટરના એક હજારમાં ભાગ સુધીની ચોક્કસ છે પોઇન્ટ ઝીરો ઝીરો વન મિલિમીટરનોય એમાં ફરક નથી. ફરક પડી જાય તો જરૂર આસમાન તૂટી પડે. આસમાન નહીં તો. કમસે કમ મકાન તો તૂટી જ પડે.

મનના પ્રતિભાવ આટલા ચોક્કસ, આટલા નિશ્ચિત હોઈ શકે? હોવા જોઈએ? ઉદાસી અને ઉત્સાહનાં બે અંતિમો જીવનમાં ન જોઈએ અને એને છોડીને, બૅલેન્સિંગ કરીને, મધ્યમ માર્ગે ચાલવાનું શીખવું જોઈએ એવી સલાહ શાણા પુરુષો આપતા રહે છે. જેને આપણા જેવા અનાડીઓએ ગણકારવી ન જોઈએ. લાગણીની તીવ્રતા એક એવી મૂડી છે જે દરેકની પાસે નથી હોતી. ભરપૂર ઉદાસીમાં હોવાના મૂડની એક મઝા છે, સાતમાં આસમાનને સ્પર્શી લઈશું એવા ઉત્સાહની ચરમસીમાનો પણ એક આનંદ છે. આવી મઝા કે આવા આનંદને સ્પર્શીને પાછા આવી જવાનું હોય. ત્યાં પડ્યા પાથર્યા રહેવાનું ન હોય. એવું બને તો તે જોખમી કહેવાય. કબડ્ડીની રમતની જેમ પ્રતિસ્પર્ધીના પાલામાં પ્રવેશી એની સીમારેખાને સ્પર્શી તરત જ પોતાની અસલ દુનિયામાં પાછા આવી જવાનું હોય. ઉત્કટ ઉદાસીની ગહેરાઈને સ્પર્શી ચૂકેલાઓ જ સમજી શકે આવી ગમગીનીના સૌન્દર્યને, માનસિક મસ્તીના સાત્ત્વિક નશાનો પારાવાર આનંદ માણ્યા પછી જ ખબર પડે કે સાતમા આસમાનમાં વિહરવું એટલે શું.

કેબલની ચૅનલ ખોવાઈ જતાં દુ:ખી બની જનારાઓને અને, રિલાયન્સનો બોનસ શેર મળવાથી ખુશ ખુશ થઈ જનારાઓને આ વાત નહીં સમજાય. તેઓને મધ્યમ માર્ગવાળી ડાહી ડાહી વાતોમાં જ વિશ્વાસ બેસશે. એમના અનુભવનો વ્યાપ અને એમની અનુભૂતિની તીવ્રતા ખૂબ સાંકડાં, ખૂબ ટૂંકાં રહેવાનાં. આને કારણે એમનાં મન અને હૃદય પણ એવાં જ થઈ જવાનાં. તેઓ ક્યારેય કોઈને મન મૂકીને પ્રેમ નહીં કરી શકે ક્યારેય પૂરેપૂરા નિચોવાઈને બીજાને ન્યાલ નહીં કરી શકે; કે ક્યારેય પોતાની અકળામણ, વ્યથા અને આક્રોશનું છેલ્લામાં છેલ્લું ટીપું બીજા આગળ ઠાલવી પણ નહીં શકે. તેઓ ખુલ્લા મોઢે ખડખડાટ હસી શકતા નથી અને મન મૂકીને ડુસકે ડુસકે ધોધમાર રડી પણ શકતા નથી. એમના ચહેરાના હાવભાવમાં તીવ્રતમ પલટો આવે તો પણ બહુ બહુ તો હોઠ પર નાનકડું સ્મિત આવે કે બહુ બહુ તો આંખના ખૂણા જરીક ભીના દેખાય. જરીક જ.

માણસ પોતે તટસ્થ હોવાની કે નિર્લેપ હોવાની ગમે એટલી હોંશીયારી ઠોકે તો પણ અંદરતી એ ઝંખતો હોય છે કે હું પણ ક્યારેક બેમાંથી એક અંતિમે જઈ આવું, થોડીવાર ત્યાં રહું અને પાછો આવું. કોઇને માટે મનમાં સંઘરેલો આક્રોશ પૂરેપૂરો ઠાલવી આવવાનું મન નથી થયું ક્યારેય તમને ? કોઇકને માટે પૂરેપૂરા ખુવાર થઈ જઈને પોતાનો પ્રેમ પ્રગટ કરવાનું મન નથી થયું તમને ? ખૂબ બધું અને ભરપૂર માત્રામાં જીવવાથી જ જીવનનો ખરો આનંદ માણી શકાય. આવા જીવનની ક્ષણો જિંદગીમાં ખૂબ ઓછી હોય. આખી જિંદગી એ રીતે જીવી શકાય પણ નહીં. એવું કરવા જઈએ કે અજાણપણે–અનિચ્છાએ એવું થઈ જાય તો સાઈકીએટ્રિસ્ટની ટ્રીટમેન્ટ લેવી પડે. પણ એવી બે–ચાર ક્ષણો સુધી જરૂર પહોંચી શકાય, એ ક્ષણો જેને જીવનભર જાળવી રાખવી ગમે. સ્મૃતિમાં લાવ્યા કરવી ગમે. સ્મૃતિનો એક સૌથી મોટો ફાયદો એ કે ક્ષણભરમાં એ તમને વીતેલી આખી સદીની ભરપૂરતા લાવી આપે. નૉસ્ટેલ્જિયા અથવા તો અતીતરાગ આને જ કહે છે. મનની ઉદાસી બહારના વાતાવરણને પકડી લે છે ત્યારે આખી સવાર સુસ્ત લાગે છે. ભીતરની મહેક કૂદીને વાતાવરણની આંગળી ઝાલી લે છે ત્યારે આ જ સવાર હિલ સ્ટેશનની ખુશનુમા સવાર

બની જાય છે. રોજિંદા કરતાં કંઇક જુદું પડી જતું વાતાવરણ આપણને આપણામાંથી બહાર કાઢે છે. અંદર જે સંઘરાયું હશે તે જ બહાર આવવાનું છે. ગમે એવો ખુશહાલ નૉસ્ટેલ્જિયા પણ મનમાં વિષાદ જન્માવે છે. સ્મૃતિનું કામ જ આ છે. આનંદની ક્ષણો યાદ કરીને ઉદાસ થઈ જવાનું છે, એ ક્ષણો વીતી ગઈ એની ઉદાસી કે એ ક્ષણો હવે ફરી ક્યારેય નહીં આવે એની ઉદાસી.. ભૂતકાળની તૂટેલી ક્ષણોને યાદ કરીને તો ઉદાસી જન્મવાની જ છે. ઘડીકમાં વાદળિયું હવામાન તો ઘડીકમાં તેજ પ્રકાશ. કુદરત ક્યારેય તમને એકસરખી ક્વૉલિટીના માલની ગેરન્ટી આપતી નથી.. એ તો કોઈ હિલ સ્ટેશનથી શરૂ કરેલી ઉત્સાહની વાતને શહેરના દૂર ઉપનગરના છેડે ઢળી ચૂકેલી ઉદાસી સુધી લાવી આપતી હોય છે.

તમે મુસીબત ગણો તો મુસીબત અને અનિવાર્ય ન્યુસન્સ ગણો તો તે, જેમની વર્તણૂક તમને ન ગમતી હોય કે જેમના તમારા માટેના અભિગમથી તમને પોતાને હડધૂત થવાની લાગણી થતી હોય કે જેમના વિચારોની વિકૃતિ તમને અશાંત બનાવી દેતી હોય એવી આસપાસની કેટલીક વ્યક્તિઓ સાથે તમારે રોજબરોજનો નાતો રાખવો પડે છે. આવા લોકોની સાથે નિયમિતરૂપે પનારો પડતો હોય ત્યારે તમારે એમની સાથે જીવતાં શીખી લેવું પડે, એમની હાજરી નિભાવી લેવી પડે. અન્યથા રોજ અને કાયમી ધોરણે એમની સાથે સંઘર્ષમાં ઊતરવું પડે. આપણી પોતાની જાત સાથે પણ ઘસાયા કરવું પડે અને અંતે બાકીના આખા જગત સાથે દુશ્મની વહોરી લેવી પડે.

આવા લોકોની પજવણી આપણા સુધી ન પહોંચે એ માટે આપણા ફરતી એક વાડ ઊભી કરી દેતા હોઈએ છીએ, એક દીવાલ ચણી દેતા હોઈએ છીએ, બીજાઓને દૂર રાખવા, એમની ખરાબીઓથી બચવા.. આપણી પોતાની સુરક્ષા માટે વાડ ઊભી કરીએ છીએ ત્યારે એક વાત આપણી તદ્દન ધ્યાન બહાર જતી રહે છે કે સુરક્ષા માટેની વાડ ઊભી કરીને આપણે આપણી પોતાની જાતને જ બંધિયાર બનાવી દઈએ છીએ.. બીજાની ખરાબીઓથી બચવા આપણે આપણી સારપનો વિકાસ રૂંધી નાખીએ છીએ.

પોતાની નાનપ છુપાવવા તમારી મોટાઇ તરફ થૂંકનારા લોકો અનેક હોય છે આ દુનિયામાં તમે સારું કરશો તો તેઓ ઈર્ષ્યાથી બળી મરશે અને તમારા પર પોતાનામાં રહેલી ગંદકી ફેંકશે. અને ક્યાંક નાની સરખી ભૂલ થઈ તો તો આવી જ બન્યું તમારું. રાઈનો એવરેસ્ટ બનાવીને ખૂંદી કાઢશે તમારી પ્રતિમાને.. દુનિયામાં આવા લોકો સાથે તમારે રહેવાનું છે અને સહન કરવાના જ છે એમને. કારણ કે આ દુનિયા તમારા એકલાના પિતાની નથી. એમના પિતાની પણ છે. અને અસ્તિત્વ ધરાવવાનો હક્ક તમારા જેટલો જ એમનો પણ છે. એ હક્કનો તેઓ દુરુપયોગ કરતા હોય છે એ વાત જુદી. એ હક્ક વડે તેઓ તમારું અસ્તિત્વ મિટાવી દેવા માગતા હોય છે એ પણ કબૂલ.. પરંતુ તમે એમનો એ હક્ક છીનવી શકતા નથી.. એમની પજવણીઓથીય છુટકારો મેળવી શકતા નથી..

આ લોકો તમારી નિર્ણયશક્તિને ખોરવી નાખવામાં પાવરધા હોય છે. તેઓ શું કહેશે એવું વિચારીને તમે તમારાં કામ પડતાં મૂકવાનું નક્કી કરી નાખો છો.. કારણ કે તમને ખબર છે કે તમારા કોઈપણ સારા કામની તેઓ હાંસી જ ઉડાવવાના છે. એમના વિષેનું આવું કલ્પનાચિત્ર તમને ભીરુ બનાવી દે છે. અને પછી તેઓ જ તમને કહે છે કે તમે ડરપોક છો..

તમારા દરેક કામ માટે સર્વસંમતિ અનિવાર્ય નથી હોતી.. દરેક નિર્ણય માટે અનંત સુધી થોભવાની જરૂર નથી હોતી.. સર્વસંમતિ કે બહુમતી નિર્ણયમાં માનનારા મોટાભાગના લોકો તો પોતાના પર આવી પડનારી જવાબદારીમાંથી છટકી શકાય એટલા માટે બીજાનો સાથ લેતા હોય છે. સમજીવિચારીને નિર્ણય લેવો જોઇએ એવી ડાહીડમરી વાત કરનારાઓ ઉતાવળિયો નિર્ણય લેવા નથી માગતા એટલા માટે રાહ જુએ છે એવો દેખાવ કરતા હોય છે. વાસ્તવમાં તેમની પાસે સમજવાની શક્તિનો અને વિચારવાની શક્તિનો પાયામાંથી જ અભાવ હોય છે. લેવો પણ હોય તો નિર્ણય લે ક્યાંથી? ગાંભીર્ય અને ઠાવકાઇનો ઇજારો લઈને બેઠેલા લોકો અંદરથી ભારે ડિસ્ટર્બ્ડ હોય છે. પોતાની ઝાંખીપાંખી તેજસ્વિતાનું ઓજસ બૂઝું બૂઝું થઈ રહ્યું છે એનું એમને ભાન હોય છે. પોતાના દીવડામાં નવું તેલ પૂરવાને બદલે તેઓ બીજાના કોડિયામાથી દીવેટ ખેંચી કાઢે છે, એમનું તેલ ઢોળી નાખે છે. પછી જાહેર કરે છે કે જે કંઈ પ્રકાશ છે તે અમારે કારણે જ.

જિંદગીમાં કશું જ અકારણ નથી બનતું. મનમાં ઉદ્દભવતા દરેક નવા વિચારના સર્જન પાછળ કુદરતનો કોઈક હેતુ હોય છે. એ નવા વિચારને તપાસ્યા વિના ફગાવી દેવો, તમને ફાડી ખાવા માટે તત્પર એવા લોકો શું કહેશે એવા ભયથી એને ત્યજી દેવો એટલે કુદરતે તમારા પર મૂકેલા વિશ્વાસનો ભંગ કરવો.. તમારી માનસિક ભૂમિમાં એ વિચાર પાંગરી શકશે એવું માનીને જ કુદરતે તમને એ વિચારની ભેટ આપી હતી.. પણ તમે એ વિકસે એ પહેલાં જ એને ઉખાડી નાખ્યો, પેલા લોકોથી બી જઈને માણસ પોતાનામાંના નવા વિચારોને ઉછેરે અને એને વિકસાવે, એને ભવ્યતા બક્ષે, બીજાઓની અવગણના કરીને પણ એ વિચારનું લાલનપાલન કરે એમાં બહુ મોટી હિંમતની જરૂર નથી.. પોતાને જે સાચું લાગ્યું તેનો અમલ કરવામાં ટનબંધ હિંમત જોઈએ એવી મિથ પેલા લોકોએ ઊભી કરી છે જેથી જેનામાં ટનમાં એકાદ ગ્રામ જેટલી હિંમત પણ ઓછી હોય તે આગળ પગલું ન ભરે. નવા વિચારને, પોતાને ગમતા વિચારને અમલમાં મૂકવાનું નક્કી કર્યું એટલે માની લેવું કે જરૂરી હિંમત આવી જ ગઈ.

હિંમત ક્યારેય કલ્પનાઓ કર્યા કરવાથી આવતી નથી. વધુ પડતી કલ્પનાઓ તો ઊલટાંની ડરાવે છે તમને. પાણીમાં પડ્યા વિના તરવાનું શિખાય નહીં એમ પ્રેરણાત્મક પુસ્તકો કે લેખો વાંચ્યા કરવાથી હિંમત ન આવે, જે કંઈ કરવું છે તેના અમલનો આરંભ કરી દેવાથી હિંમત આવે. એક એક ડગલું ભરતા જવાથી હિંમત આવે.

આસપાસના લોકોની સતામણીથી બચવા પોતાની ફરતે વધુ ને વધુ ઉંચી વાડ બનાવીને જાતને એકલવાયી બનાવી દેવાને બદલે પોતાનામાં મગ્ન બની જવાની શક્તિ ખીલવવી. શહેરની ગીચ વસ્તીની ભીડમાં પોતાની ધૂનમાં મસ્ત, હિમાલયના કોઈ યોગી જેવી મસ્ત ફકીરીમાં ચાલ્યા જતા માણસની એકાગ્રતાનો અંદાજ તમે બાંધ્યો છે ક્યારેય? જંગલી પ્રાણીઓથી બચવા માટે પોતે પીંજરામાં પુરાઈ જવાનો વિકલ્પ લેવાનો તો સવાલ જ નથી આવતો. એમનો શિકાર કરવા જઈશું તો સવાલ આવશે કે રોજ કેટલાનો શિકાર કરીશું. એ સિવાય પણ જીવનમાં બીજાં કરવા જેવાં કામ હોય કે નહીં. તો શું કરવું? કરવાં જેવાં કામ કર્યા કરવાં, બસ. આજનું કરવા જેવું કામ કયું? ઘરેબેઠાં આવી પહોંચેલી હિલ સ્ટેશન જેવી ખુશબુમાં સવારનું સ્વાગત કરવું, ગમગીનીના સૌંદર્યની મસ્તીમાં ડૂબી જવું. એજ છે ભરપુર જીવી લેવાની જડીબુટ્ટી...

(સંકલિત)


**૫૦ વર્ષની વિશ્વાસુ પરંપરા સાથે**

**મુલુંડના આંગણે...**

**રમણીકલાલ જયંતિલાલ જ્વેલર્સ**

(વિજય શાહ)

શૉપ નં.૩, A વિંગ, ગ્રાઉન્ડ ફ્લોર,
પ્રાણવ કમર્શિયલ પ્લાઝા, શિવસેના ઓફિસની બાજુમાં,
એમ.જી.રોડ, મુલુંડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦.

**સોનાના દરેક વજનનાં સિક્કા મુંબઈના હોલસેલ ભાવે મુલુન્ડમાં મળશે.
અમારી વિશેષતા : ચાંદીના સિક્કા સોનાની એન્ટીક જ્વેલરી તથા ચાંદીની નોટ વગેરે અમારે ત્યાં ઉપલબ્ધ છે. સોનાના જુનાં ઘરેણાં પણ ખરીદીએ છીએ.**

**સંપર્ક : 98201 18781 / 2568 0323**




## મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ "તેજ"ની અમૃતવાણી... (૧૦)

***- સોમ ઘરમશી** (કચ્છ)*

***"ટંગા ઈંગીઆ નેં પુઠીયા બાંઉં;***
***હાંણે જીયણ કે કીં જલીઆં આંઉ?***

**ભાવાર્થ :** કવિ તેજનું પુસ્તક "વનાડો"નું લોકાર્પણ હમણાં જ મુંબઈમાં શ્રી ક.દ.ઓ. સમસ્ત મહાજન આયોજીત "તેજ-જો-અવાજ" ર્કાક્રમમાં થયેલ. આ પુસ્તકમાંથી પસાર થતાં અનેક રચના મનમાં વસી ગયેલ પણ ઉપરની રચના મનને ગમી પણ કઈ સમજાઈ નહીં.

મારી મુશ્કેલી વનવગડામાં ઢોર ચરાવતા રબારીભાઈએ દુર કરી અને અર્થ સમજાવ્યો ત્યારે શ્રી તેજની નિરિક્ષણ શક્તિ અને બાબાણીજી બોલી પ્રત્યે અનહદ માન ઉપજવું.

માણસ જ્યારે યુવાનીમાં ઝંપલાવે છે. ત્યારે તોખારની જેમ એ થનગનતો હોય છે. અહીં કવિ શ્રી ઝવેરચંદ મેઘાણીની કાવ્યની પંક્તિ ટાંકવાનું મન થાય.

***ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ***
***અણદીઠેલી ભોમકા પર યૌવન માંડે આંખ...***

જીવનમાં યોવન તરવરીયું હોય છે. ઉત્સાહ અને ઉન્માદથી સભર હોય છે. પક્ષીઓની માફક તેનો આત્મા નવું નવું જોવા-માણવા ઉત્સુક હોય છે. કાંઈક નવું કરવાની તમન્ના હોય છે. તેના હાથ અને પગ બન્ને આગળ તરફજ ઉપડતા હોય છે.

પણ વૃધ્ધાવસ્થાનાં પગરણ થતાંજ એની રોજિંદી ચાલ નિસ્તેજ બની જાય છે. જાણે ઢસડાતો જિંદગીની મંઝિલ પરાણે કાપે છે!

એના પગ તો ધીમે ધીમે આગળ વધતા હોય પણ હાથ પાછળ તરફ વળતા હોય છે.

(ક્યારેક વૃધ્ધોની ચાલનું નિરીક્ષણ કરી જો જો તો એ ખ્યાલ આવશે.)

કવિ કહે છે કે, હવે આવા જીવનને કેવી રીતે જીરવવું. અસહાય, ઓશિયાળો જીવ પંગુતા (લાચારી) અનુભવે છે. અહીં કવિનો ઈશારો આધ્યાત્મિકતા તરફ આપણને વિચારવાને પ્રેરે છે. યોવનમાં દાન આપનાર છુટા હાથ હવે પાછા વળે છે. મનસુબા ઘડાય પણ તે પ્રાપ્ત કરવા હાથ હવે હેઠા પડે છે.

આ જિંદગીને ઘડપણમાં કેવી રીતે સાચવવી તેનો યક્ષપ્રશ્ન ઉભો થાય તે પહેલાં જ એનો વિચાર કરી, પાણી પહેલાં જ પાળ બાંધવી ઉત્તમ રહેશે એવો સંદેશો આપણને મળે છે. જો જો પાછલી જિંદગી માટે યોગ્ય બચત ના કરી હોય તો શરૂ કરી દેજો. તેથી "બાંઉ" અને "ટંગા" બન્ને આગળ જ વધતા રહે. પાછળ રહેવાનો સમય ન આવે.

## ટૂંકી વાર્તા : નવો અવતાર

હજી તો પરીક્ષા ચાલતી હોય ત્યાં હું દિવસ ગણવા માંડતી કે, વેકેશન પડવાને હવે કેટલા દિવસની વાર છે! અને વેકેશન પડ્યું નથી કે બંદા પહોંચી જતા મનોજકાકા અને મિનાક્ષીકાકીના ઘરે. ઘર શાનું, નાનકડું, રળિયામણું ફાર્મહાઉસ જોઈ લો! ફાર્મહાઉસમાં ફળ, ફૂલ, શાકભાજી, પશુ, પંખી એવી ચઢળક આકર્ષક ચીજો તો હતી જ પણ મને સૌથી વધુ જો કોઈનું આકર્ષણ હોય તો તે મનોજકાકાનું મસ્ત, મોજીલો માણસ. હસમુખા ને મજાકિયા પણ એવા જ. તો યે કોણ જાણે કેમ, કાકીને એમની મજાક કંઈ બહુ પસંદ ન પડતી. એમાં પણ ખાસ કરીને કાકા જ્યારે કાકીની રાંધણકળા (?) પર મજાક કરતા ત્યારે તો કાકી રાતાં-પીળાં થઈ જતાં.

“બબલી, જરા તારી કાકીને પૂછ કે આ ઈડલી ક્યા દસ્તાથી તોડવાની ?” અથવા “કાલની કાચી-પાકી ભાખરી ખાઈને મને તો આખી રાત પેટમાં બહુ દુખ્યું પણ વાંધો નહીં, તમારા બધાની તબિયત તો સારી છે ને?”

કાકીનાં બનાવેલાં અથાણા એક વખત ખાવ તો તમે આંગળા ચાટતાં રહી જાવ. પણ કાકી અથાણાં બનાવવામાં જેટલાં નિપુણ હતાં એટલાં જ પાકશાસ્ત્રમાં ઠોઠ નિશાળિયા, રોજેરોજની રસોઈ પણ ભાગ્યે જ સ્વાદિષ્ટ હોય, પણ તેઓ કદી પોતાની અણઆવડત કબૂલ ન કરતાં. ઊલટાં રસોઈ વિષેની ટિપ્પણી સાંભળીને ઉશ્કેરાતાં અને કાકાનો જ વાંક કાઢતાં, “ઈડલી થોડી કઠણ થઈ જાય એટલે દસ્તાથી તોડવી પડે એટલી તમારા હાથમાં નબળાઈ આવી ગઈ છે?”

“મારી રસોઈ ન ભાવતી હોય તો જેની ભાવે અને ત્યાં જવાની તમને છૂટ છે.” કાકી કટાક્ષમાં બોલે ત્યારે એનો સામનો કરવાની સામી વ્યક્તિની હિંમત ન ચાલતી. એમની પહેરવા-ઓઢવાની ઢબ પણ સાવ અણઘડ. ઉંચો ચઢી ગયેલો સાડલો, વેર-વિખેર વાળ અને કપડાં પર પડેલા મસાલાના ડાઘ. હંમેશા એમનો હુલિયો આવો જ રહેતો. જ્યારે કાકા કાયમ સાદાં છતાં સુઘડ વસ્ત્રોમાં પ્રભાવશાળી લાગતા. બંને જણ ઉત્તર-દક્ષિણ ધ્રુવ જેવાં લાગતાં. તોએ કાકાને કાકીનાં વર્તન કે દેખાવ બાબત કંઈ કચવાટ હોય એવું જરાય ન લાગતું. એ તો બસ, પોતાની મસ્તીમાં જ રહેતા. જ્યારે એમની પ્રિય ક્રિકેટની રમત ચાલતી હોય ત્યારે તો એમાં એવા તો મશગુલ થઈ જતા, જાણે એમના અને ટી.વી. સિવાય દુનિયામાં કોઈનું અસ્તિત્વ જ નથી.

“આ લો, સવાર પડી ને ચોંટી ગયા ટી.વી.ને દિવસમાં જેટલી સીરિયલો, રિયાલીટી શો કે રસોઈના કાર્યક્રમો આવે બે બધા જો હું તમારી જેમ જોવા બેસી જાઉં તો ઘરની શું હાલત થાય એ વિચારી જો જો.” કાકી ગુગલી ફેંકવાની એકે તક જતી ન કરતાં. “એક દિવસ એવું કરી તો જો, પછી જોશું, હમણાં તો આવ, મારી પાસે બેસ. હું તને સમજાવું કે ક્રિકેટ કેવી રીતે રમાય!”

“એ બધું જ્ઞાન રાખો તમારી જ પાસે. મારી પાસે એવો ફાલતુ ટાઈમ નથી કે, આ નવરા લોકોની રમત પાછળ બગાડું.

કાકીના મનમાં કાકા માટેનો અસંતોષ ઘર કરી ગયેલો. એમને હંમેશા એવું લાગતું કે, કાકાએ ક્યારેય એમને સમય ન આપેલ. એમને માટે બીજી બધી વાતોનું જેટલું મહત્વ છે એટલું પોતાનું નથી એવી ફરિયાદ કર્યા કરતાં. એ બંનેની તૂતૂ-મૈંમૈં ચાલે અને કાકી કાકા પર ચિડાયા કરે એ મને જરાય ન ગમતું. ઘણીવાર મને એમ પણ થતું કે, હું વેકેશનમાં નકામી જ અહીં દોડી આવું છું. પણ કાકા જ્યારે અમારી બાળટોળીને ભેગી કરીને જાતજાતના ખેલ કરાવતા ત્યારે અહીં આવ્યાનો પસ્તાવો ક્યાંય ગાયબ થઈ જતો.

“ચાલો છોકરાઓ, સસલાંને ગાજર ખવડાવીએ.” પાઈપ લઈને ઝાડને પાણી કોણ પાશે? “ઓટલા પર આજે રાત્રે નાટક ભજવવાનું છે. ચાલો, તમારા બધાનાં પાત્રો નક્કી કરીએ.”

નવા વર્ષની ઉજવણી હોય કે ગણેશપૂજાની તૈયારી-કાકાનો ઉત્સાહ જોવા જેવો. વળી ગાવું, વગાડવું, અભિનય કરવો કે ડાન્સ કરવો, બધી કળામાં તેઓ માહેર. એટલે બાળકોને તો રીતસર એમનું ઘેલું જ હતું. જોતજોતાંમાં વેકેશન પુરું થઈ જતું. મારા જવાના દિવસે આ દંપતી ઉદાસ થઈ જતું. ગમે તેટલો વિરોધાભાસ હોવા છતાં મારી પ્રત્યે પ્રેમ રાખવામાં બંને સમાન હતાં. નીકળતી વખતે કાકા મારા હાથમાં સોની નોટ પકડાવતા. કાકી એ જાણતાં કે નહીં, મને ખબર નથી.

અભ્યાસ પૂરો કરીને હું નોકરીએ લાગી. વ્યસ્ત જિંદગીને કારણે હવે ગામ જઈ શકાતું નહીં. એવામાં એક દિવસ


**કચ્છમાં પ્લોટ, પ્રોપર્ટી લે-વેંચ માટે સંપર્ક**
(વ્યાજબી ભાવ-પાકા દસ્તાવેજ અને યોગ્ય માર્ગદર્શન)
સંપર્ક : **લક્ષ્મીચંદ લાલજી પોલડીયા (લલાપો)**
(બાયઠ-ભુજ)
**ફોન : 099300 08339 / 07567 207479**

શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
**MOTA SHIPPING AGENCY**
C.H.A.No.11-0404

કાકાના અવસાનના સમાચાર મળ્યા, "કાકા ગયા." મારા વ્હાલા કાકા!! કાકી બિચારાં સાવ એકલાં થઈ ગયાં. દિવસો સુધી મને ઉદાસી ઘેરી વળી. ચાર-પાંચ દિવસની રજા ભેગી થઈ ત્યારે મેં કાકી પાસે જવાનું નક્કી કર્યું. કાકીની હાલતની કલ્પના કરીને મારું મન ભારે હતું.

*"હાં રે અમે ગ્યા'તાં કે રંગના ઓવારે, કે તેજના ફુવારે..."* સુંદર કંઠે ગવાતું અને ઝિલાતું ગીત મને ઝાંપા પર જ સંભળાયું. અંદર દાખલ થઈ ત્યાં તો આ શું જોઉં છું! વાડીના રખેવાળ, માળી, નોકરો બધાનાં બાળકોને ભેગાં કરીને કાકી ગવડાવતાં હતાં. મને જોતાંની સાથે એમના ચહેરા પર ઉદાસી મિશ્રિત આનંદ દેખાયો. બાળકોને કહે, "જાવ હવે, આજે છુટ્ટી."

કાકી જ્યારે મને ભેટી પડ્યાં ત્યારે એમના સુંદર, ઝીણી ઝીણી ભાત વાળા આછા વાદળી રંગના સાડલા તરફ મારું ધ્યાન ગયું. ઘરમાં દાખલ થઈને મને કહે. "જા, પહેલાં તારા કાકાને મળી આવ."

ટી.વી.ની બરાબર સામે કાકાની આરામખુરશીમાં ખુશમિજાજ મુદ્રામાં એમનો ફોટો મુકાયેલો જોઈ મારી આંખો ભરાઈ આવી. રસોડામાં ગઈ તો કાકી કહે, અત્યારે આ ટોળકી ભણે અને સાંજે ક્રિકેટ રમે સરસ મજાની પીચ પણ બનાવી છે, સાંજે જોજે."

હું આશ્ચર્યથી કાકીના આ નવા અવતારને જોઈ રહી. ધીમેથી મને કહે. "એમને ગમતું હતું એ બધું ય કરીને એમને ફરીથી પામવાનો પ્રયત્ન કરું છું." પાછા ફરતી વખતે સજળ આંખે કાકીને પગે લાગી ત્યારે મારો હાથ પકડીને કાકાની છબી પાસે લઈ ગયા અને મને ૫૦૦ રૂ.ની નોટ આપતાં કહે, "લે, આ તારા કાકા તરફથી."

***(સુદિપ્તા ચેટરજીની અંગ્રેજી વાર્તાને આધારે) - આશા વીરેન્દ્ર***

॥ શ્રી અંબઈમાતાય નમો નમઃ ॥

કચ્છ **પરજાઉ** ગામે **મેપાણી** ડેલીમાં બીરાજમાન **શ્રી અંબઈ માતા**ને નમતા નાગડા પરિવારના ભાવિકોને જણાવવાનું કે માતાજીની પહેડી પ્રસાદ તથા ચંડીપાઠ **તા.૨૭ થી ૨૮**ના રાખેલ છે. પહેડીના દાતાશ્રી **માતુશ્રી સોનબાઈ ચત્રભોજ નાગડા** હસ્તે શ્રી મણીલાલ ચત્રભોજ નાગડા તરફથી રાખેલ છે. દરેક ભાવિકોને કચ્છ પરજાઉ સ્થાનકે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**સંપર્ક : શ્રી મણીલાલ ચત્રભોજ નાગડા**

**ફોન : 093236 71290**

**પ્રિય મિત્ર કિશોર...**

અરે, આમ કંઈ અચાનક મહેફિલમાંથી ઉઠી જવાતું હશે?
તમારી ઝિંદાદિલી ઝલક અને પ્રેમભાવ સદા યાદ રહેશે.
દોસ્તી ભાવે ભાવાંજલિ...

**લક્ષ્મીચંદ લાલજી પોલડીયા** (લલાપો) ● **રમેશ મેઘજી મોતા**






# શ્રી કચ્છી દશા ઓશવાલ ઘાટકોપર, વિદ્યાવિહાર, ચેંબુર જૈન સંઘ

શ્રી ક.દ.ઓ. જી.વી.સી. જૈન સંઘના પરિવારના સર્વેને જણાવવાનું કે તા. ૨૪-૦૯-૨૦૧૨ના કમિટી મેમ્બરની મિટીંગમાં નક્કી કરવામાં આવ્યું કે સંઘની લેડીઝ વિંગની સ્થાપના કરવાની છે. તેમના પ્રમુખ તરીકે **શ્રીમતી જયશ્રીબેન કાંતીલાલ દંડ (વરાડીયા-ઘાટકોપર)** ની નિમણુંક કરવામાં આવેલ છે. એમના નેજા હેઠળ લેડીઝ વિંગના મેમ્બર બનવું હોય તેમણે શ્રીમતી જયશ્રીબેન (**મો.: ૯૮૯૨૨ ૧૫૫૬૦**) નો સંપર્ક સાધવા વિનંતી.

**લિ.**

**શ્રી ક.દ.ઓ.જી.વી.સી. જૈન સંઘ**

## આરોગ્ય-પ્રકાશ : આરોગ્ય માટે ઉપયોગી ટીપ્સ – *ડૉ. વીરચંદ લખમશી નાગડા (મુલુન્ડ)*

૧) હાલમાં જ્ઞાતિના આદિપુરમાં ૩૯ વર્ષના યુવાનને હાથમાં દુ:ખાવો ગેસ જેવી "વેગ" ફરીયાદો સાથે હાર્ટએટેકથી સ્વર્ગવાસ થયો. થોડા વર્ષો પહેલા મારા માસીઆઈ ભાઈને છાતીમાં મુંઝવણ, પેટમાં ચુંથાવા જેવું થયું. ટોઇલેટ જતાં અધવચ્ચે જ કોલેપ્સ થઈ હાર્ટએટેકથી સ્વર્ગવાસ થયો. હાર્ટએટેક વખતે છાતીમાં દુ:ખે જ એવું નથી. ઘણી વખત એસીડીટી, પેટમાં ચુથાવું, ઉલ્ટી, ડાબા હાથમાં દુ:ખાવો ખાસ કરીને હાથના અંદરના ભાગમાં એટલે કે ટચલી આંગળીની હાથની બાજુ દુ:ખાવો, ખભામાં દુ:ખાવો, પીઠમાં દુ:ખાવો,વધુ પડતો પસીનો, દમ જેવા લક્ષણો થાય છે. એકાદ લક્ષણથી ગભરાવું નહી પણ એકથી વધુ લક્ષણો હોય, અચાનક નંખાઈ ગયા જેવું લાગે અને જરાય હાર્ટએટેકની શંકા હોય તો પેશન્ટને શ્રમ ન પડે એ રીતે હોસ્પીટલ/ક્લીનીકમાં લઈ જઈ કાર્ડિઓગ્રામ કઢાવવું જેથી યોગ્ય ઈલાજ થાય.

૨) આજકાલ આપણા યુવાનોને ઓછા સમયમાં વધુકામ કરવાના ટાર્ગેટ આપવામાં આવે છે એથી સર્વીસ કરતા યુવાનો પર તાણ ખૂબ હોય છે. ધંધો કરતા હોય તો કોમ્પીટીશન, ધંધો જમાવવા, વધુ કમાવવા તાણમાં હોય છે. ખાવા-પીવાનું તો હાલ કેટલું મિલાવટ વગરનું શુદ્ધ છે તે કોઈ નથી જાણતું, તો યુવાનો તો મેંદાવાળા પીઝા, બર્ગર, ફાસ્ટ ફૂડ, ચાયનીઝ, અમુક તો ગુટકા, માવા, સિગરેટ લેતા હોય છે એટલે આરોગ્ય પર અસર થવાની. પણ અમુક લક્ષણો હાર્ટએટેક વખતે બહારથી દેખાય જ્યારે હૃદયની નસોમાં થતાં ક્લોટ એન્જીઓગ્રાફી જેવી તપાસમાં જ ખ્યાલ આવે. થાક, દમ જેવા લક્ષણો હોય તોય યુવાનને એમ થાય. કામનું ટેન્શન, ઉંઘ નથી થઈ તેથી એવું લાગે છે, હું તો જવાન છું મને હાર્ટની તકલીફ ન થાય અને આમ પોતે, ઘરના અને ક્યારેક ડોક્ટર પણ થાપ ખાય, યુવાનોને સમય નથી પણ આપણે એમના માટે સમય કાઢી એમની ખાવા-પીવાની ટેવો, ગુટકા, સીગારેટ જેવી આદતો, ઉંઘ બરાબર લે છે કે નહીં, કામનું બહુ ટેન્શન તો નથી ને એ ધ્યાન રાખી થાક દમ કે દુ:ખાવા જેવા લક્ષણો હોય તો ચેકીંગ કરાવી લેવા સમજાવવું, કાંઈ નહીં તો ઇન્ટરનેટ પર હાર્ટએટેક વિશે જોઈ લો, એમ સમજાવવા એ આપણી ફરજ છે.

૩. કોપનહેગન ખાતેની યુનિવર્સિટીમાં કરવામાં આવેલા એક પ્રયોગમાં ૨૦૦ આર્થરાઈટીસના દર્દીઓને દરરોજ સવારે ખાલી પેટે નવસેકા પાણીમાં ૧ ચમચી મધ અને અર્ધો ચમચો તજના પાવડર ભેગું કરી પીવડાવ્યું. એકાદ અઠવાડિયામાં લગભગ ૭૩% દર્દીઓનો દુ:ખાવો મટી ગયો હતો. ૧ મહીનામાં બધા જ દર્દીઓ વગર દુ:ખાવે હાલતા-ચાલતા થઈ ગયા હતા.

૪. ટૉરેન્ટો (કેનેડા)ની ઇન્સ્ટીટ્યુટ ફોર વર્ક એન્ડ હેલ્થના નવા અભ્યાસ પ્રમાણે સર્વીસપર કામની તાણને લીધે સ્ત્રીઓમાં ડાયાબિટીઝના ભોગ થવાની રીસ્ક ડબલ થઈ જાય છે. સ્ત્રીઓ અને પુરૂષો સર્વીસની તાણને અલગ અલગ રીતે રીએક્ટ કરે છે. સ્ત્રીઓ તાણને લીધે ચરબી અને સાકરથી ભરપૂર ખાદ્યો ખાય છે. જેથી એમને ડાયાબિટીઝ થાય છે. ૭૪૪૩ કામ કરતી સ્ત્રીઓમાંથી ૧૯% ને પહેલા ડાયાબિટીઝ નહોતા પણ કામની તાણને લીધે ડાયાબિટીઝ થયું જે સ્મોકિંગ, દારૂ કે બેઠાડુ જીવનને લીધે થતા ડાયાબિટીઝમાં પ્રમાણ કરતાં વધુ છે. માટે બની શકે તો કામના ૨ કલાક પછી ૫ મીનીટ રીલેક્સ થાઓ, તળેલા અને વધુ સાકરવાળા પદાર્થો ન લ્યો. કોફીને બદલે ફળોના રસ સલાડ લ્યો, સારૂં સંગીત સાંભળો અને કામકાજના કાગળો, ચીજો વગેરે પધ્ધતિસર ગોઠવો, વ્યવસ્થિત રાખો, સમયસર કામ કરો, ટાળો નહીં, જેથી તાણ ન થાય અને ડાયાબિટીઝ જેવી બિમારીઓ ન થાય.

૫. નાચણીમાં ભરપૂર કેલ્શીયમ હોય છે. સ્ત્રીઓએ પ્રસુતી પહેલા અને પછી નાચણીની વાનગીઓ વધુ ખાવી જોઈએ. ૪૦ વર્ષથી વધુ ઉંપરની સ્ત્રીઓને પણ કેલ્શીયમની વધુ જરૂર પડે છે નહીં તો હાડકામાં કેલ્શીયમ ઓછું થવાથી ઓસ્ટીઓપોરોસીસ (હાડકા કમજોર થવા) થાય છે અને તેને લીધે ફ્રેક્ચર, સાંધાની તકલીફો થાય છે. માટે એમણે પણ દૂધ, દહીં, છાશ, તલ, રાગી, કેળા, શીંગોડા (બજારમાં સૂકા સીંગોડા પણ મળે છે જે સીઝન વગર પણ ખાઈ શકાય કડક હોવાથી સૂડીથી ટુકડા કરી ખાવા) સાથે નાચણીની ચીજો અવશ્ય ખાવી. પુરૂષોમાં પણ ઉંમરના હિસાબે હાડકા કમજોર થાય છે. એમણે પણ ઉપર જણાવેલ ચીજો ખાવી.

૬. ટ્રેડીશનલ મેડીટેરીયન જમણ જે ભરપૂર ફળો, શાકભાજી સાથે ભરપૂર ઓલીવ ફળ અને ઓલીવ ઓઇલના ખાદ્ય પદાર્થ લે છે. તેમને ઓસ્ટીઓ પોરોસીસનું પ્રમાણ બહુજ ઓછું હોય છે માટે મેડીટેરીયન વિસ્તારના લોકોની જેમ આપણે પણ બીજા ફળો સાથે ઓલીવ ફળ અને ઓલીવ ઓઇલનો ઉપયોગ કરીએ (મોંઘુ છે. ફોરેન કંપનીનું પોમેસ ઓલીવ ઓઈલ ૨૫૦ એમ.એલના ૧૩૮ રૂા.) ટોમેટો બેસ્ડ ગ્રેવી સાથે ડબલ રીફાઈન્ડ ઓલીવ ઓઈલ

ટેસ્ટી લાગે. પાસ્તા, સાલ્સા સોસ અને કરી માટે મસાલામાં પ્યોર ઓલીવ ઓઈલ વાપરી શકાય. ભીંડા, મરચાં, ઓલીવ ઓઇલ અને મસાલા સાથે તળી શકાય. સલાડ ડ્રેસીંગમાં વાપરી શકાય. રાંધવામાં ન વાપરવું પણ ટેસ્ટ માટે ડીશ પ્રિપેર કરવામાં વાપરી શકાય. વધુ તાપમાને એની સુગંધ અને મજા ચાલી જશે. ઓલીવ ઓઈલ લોહીમાં ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડે છે, સારૂ કોલેસ્ટ્રોલ વધારે છે અને હાર્ટ એટેકની રીસ્ક ઘટે છે. એની અંદરના એન્ટીઓક્સીડંટ અમુક જાતના કેન્સરથી રક્ષણ આપે, લોહી સાકર, બી.પી. ઘટાડે પણ યોગ્ય પ્રમાણમાં વાપરવું જેથી વધુ કેલેરી લેવાઈ ન જાય, નહીં તો વજન વધશે.

૭. કેલ્શીયમ શરીરમાં એબ્સોર્બ થાય અને લોહીમાં એની યોગ્ય માત્રા રહે એ માટે વિટામીન ડી જરૂરી છે. વિટામીન ડીનું મુખ્ય સ્ત્રોત સૂરજના અલ્ટ્રાવાયોલેટ કિરણો છે. તે ઉપરાંત દહીં, સીતાફળમાં વિટામીન ડી પુષ્કળ હોય છે. ચીઝ, માખણ, માર્ગરીન માંથી મળે. સવારના ૧૨ વાગ્યા પહેલાનો તડકો ત્રીસેક મિનીટ ચામડીપર પડે એ રીતે ખુલ્લામાં રહેવું. ઘણી સ્ત્રીઓ સનસ્ક્રીન લોશન વધુ પ્રમાણમાં, વધુ સમય માટે વાપરે તો એ વિટામીન ડી શરીરમાં ઉત્પન્ન થવાની ક્રિયામાં વિઘ્ન ઊભું કરે છે. વિટામિન ડી શરીરમાં ઓછું, તો કેલ્શીયમ હાડકામાં ઓછું, જેથી ઓસ્ટીઓપોરોસીસ અને ફ્રેક્ચર થાય.

૮. થાઈરોઇડની બિમારીનું પ્રમાણ સ્ત્રીઓમાં પુરૂષો કરતાં ૧૦ ગણ છે. સર્વીસ કરનાર સ્ત્રીઓમાં કામનો બોજો, તાણ અને કેરીઅર બનાવવાને લીધે મોડા લગ્ન કારણભૂત છે. લક્ષણો "વેગ" હોય છે. અચાનક શરીર ફુગી જાય, વજન વધી જાય, વાળ ખરવા લાગે, વધુ પડતો થાક લાગે, શક્તિ ખલાસ થઈ ગઈ હોય એમ લાગે, માસીક પાળીમાં અનિયમિતતા વગેરે લક્ષણો હોય છે. પ્લાસ્ટિકનો વપરાશ ખૂબ વધ્યો છે. એમાંના કેમીકલ્સને લીધે થાઈરોઈડનું કેન્સર થઈ શકે.

૯. રાજગરાની વાનગીઓમાં એક્ડાયસ્ટોન નામનું કુદરતી સ્ટેરોઈડ હોય છે એવું વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીના બોટની વિભાગના સંશોધકોએ શોધ્યું છે. આ સ્ટેરોઈડનો ઉપયોગ એથલેટ્સ શરીરની ક્ષમતા વધારવા કરે છે. રાજગરો લોહીમાં સાકર વધવા દેતું નથી (ડાયબિટીક ફુડ તરીકે ઉપયોગી) એમાં કોલેસ્ટ્રોલનું પ્રમાણ સાવ ઓછું હોય છે. હૃદયને રક્ષણ આપે છે, મગજ, યકૃતની કાર્યક્ષમતા વધારે છે. આર્થરાઈટીસમાં ઉપયોગી, શરીરની સ્ટેમીના વધારે, ત્વચાની જાળવણીમાં મદદરૂપ થાય. આ સ્ટેરોઈડ કુદરતી હોવાથી કોઈ આડઅસર નથી. સ્નાયુઓને વિકાસ કરે, શારીરિક સહનશીલતામાં વદારો કરે. લાલકણનો વિકાસ કરે, ચયાપચયની ક્રિયા ઝડપી બનાવે. એમાં ઓમેગાઝ ફેટી એસીડ છે જે સંધીવા, હૃદયરોગમાં ઉપયોગી. એમાં રહેલ લીનોલેલીક એસીડ જે સૌંદર્ય પ્રસાધનોમાં વપરાય છે) ચામડીમાં રહેલા મોઈશ્ચરને જાળવી ત્વચાને સુકી પડવા દેતું નથી.. રાજગરાની વાનગી નિયમિત ખાવી..

૧૦. ચહેરાપરની કરચલી દૂર કરવા ઘણા મોંઘા મોઇશ્ચરાઈઝર્સ અને દુઃખે એવા બોટોક્સ ઇન્જેક્શન લે છે. પરંતુ તેના બદલે ઘણાં "ફેઇસ યોગા"નો સહારો લે છે. મેરીલીન, બંબલબી, કે લાયન નામના ફેઇસ યોગા કરે છે. ચહેરાના સ્નાયુઓને કસરત એટલે કે સિંહાસન, મોંમા હવા ભરી ગાલ ફુગાવવા, આંખો પરના પોપચા જોરથી બંધ કરવા, ભવા હલાવવા, ખડખડાટ હસવું, દાંત બતાવવાની જેમ હોઠ, સ્નાયુ ખેંચવા વગેરે રોજ ૧૦ વાર કરવાથી પણ કરચલી દૂર થાય. સંતરાની છાલ તાજી ચહેરાપર ઘસવી. સંતરા કે લીંબુની છાલ સૂકવી કૂટી, પાવડરમાં ગ્લીસરીન કે ગુલાબજળ ભેળવી ચહેરાપર લગાડવું. મૂળો છીણી તેના રસમાં માખણ મેળવી ચહેરાપર, ગર્દનપર લગાડો, કલાક પછી ગરમ પાણીથી ધુઓ. અઠવાડિએ ૨ વાર કરો. પાકા કેળાને છૂંદી થોડા ટીપાં મધ મેળવી ચહેરા, ગર્દન પર લગાડી ૨૦ મીનીટ પછી ધુઓ. દ્રાક્ષના રસમાં ૩ ટીપા મધ નાખી ચહેરાપર લગાડો તો લબડી પડેલી ચામડી સારી થાય. શિવામ્બુમાં રહેલા સ્ટેરોઈડથી મોં પર લગાડવાથી ફાયદો થાય. ઉપરાંત મનની આંતરીક ખુશી ચહેરાપર અસર કરશે. મનથી હંમેશા ખુશ રહીએ. ગુસ્સો, બળતરા, ઈર્ષ્યા જેવા નેગેટીવ ઊર્જા ઉત્પન્ન કરતા ફેક્ટરો સામાન્ય આરોગ્ય સાથે ત્વચાને નુકશાનકારક છે.

૧૧. પ્રયોગથી સિધ્ધ થયેલ છે કે જ્યારે આપણે ચિંતા કે ડીપ્રેશનમાં હોઈએ ત્યારે શરીરમાં પોટેશ્યમ ઓછું થાય છે. આ વખતે સો ગ્રામ દ્રાક્ષ અને ૧ નાનું સરજન ખાઓ. ટેન્શન ઓછું થશે, સારૂં લાગશે.

૧૨. બ્રેડપર જામને બદલે મધ લગાડી ખાઓ, બાળકોને આપો. જામમાં વિટામીન, મીનરલ્સ હોતા નથી. પરંતુ એમાં નાંખેલા પ્રિઝરવેટીવ, કેમીકલ્સથી એલર્જીથી માંડીને કેન્સર થવાનો ભય છે. ફક્ત સ્વાદ હોય છે, પણ તે શરીરમાં કેલેરી વધારી ઘણી તકલીફો દે. મધ કોમ્પ્લેક્ષ કાર્બોહાઈડ્રેટ છે. જેમાં આયર્ન, બી કોમ્પ્લેક્સ, મીનરલ્સ હોય છે. ચોખ્ખું મધ લેવું. (કાચના ગ્લાસમાં પાણી લઈ તેમાં ૧ ટીપું મધ ધીરેથી છોડવું. આખેઆખું ટીપું તળીયે

બેસી જાય તો ચોખ્ખું-પસરી જાય તો મિલાવટ)

૧૩. ઓરેગન સ્ટેટ યુનીવર્સીટીના લીનસ પૌલીંગ ઈન્સ્ટીટ્યુટના વૈજ્ઞાનિકોએ શોધ્યુ છે કે બ્રાકોલી, ફુલાવર, અને એ ગ્રુપના (ક્રુસીફેરસ) શાકભાજીઓમાં પુષ્કળ પ્રમાણમાં રહેલ સલ્ફોરાફેનના કારણે એ કેન્સરના રોગનો નાશ કરે છે, સારા સેલને નુકશાન નથી કરતું. રોજના ૩-૪ ચમચા ઓલીવ ઓઈલ લેવાથી આંતરડા, સ્તનના કેન્સર થતા નથી. છડયા વગરના અનાજ ખાનારને સ્વાદુપિંડ, મોટા આંતરડા, તન, ગર્ભાશય, ગળા, મોં, લીવર અને થાઈરોઈડના કેન્સર થતા નથી.

૧૪. ઘણાનું માનવું છે કે ઘઉં હેલ્ધી અનાજ છે પણ ડાયેટીસીઅન ડો. સીમરન સૈની કહે છે ઘઉંમાં વધુ માત્રાઓ રહેલા ગ્લુટેન હોય છે જે ચીટકે એવા સ્ટોરેજ પ્રોટીનનાં બનેલા હોય છે જે સેન્સીટીવ એન્ટરોપથી શરૂ કરે, એને લીધે નાના આંરડામાં સોજો આવે. ઘઉંમાં જવ, સોયા, ચણાં કે બાજરાનો લોટ મિક્સ કરી રોટલી વગેરે બનાવવી. સોયાબીન લેવાથી કેન્સર સામે રક્ષણ, ટોટલ અને ખરાબ કોલેસ્ટ્રોલ ઘટશે, સંધીવાત, સોજામાં ફાયદો અને સ્ત્રીઓને પોસ્ટમેનોપોસલ તકલીફોમાં ફાયદો થશે. ઘઉમાં પાંચમા ભાગના સોયાબીન નાંખી દળાવી વાપરો.


**સુકા મેવા હોલસેલ ભાવે ખરીદવા માટે ખુશ ખબર**

ઉચ્ચ ગુણવતાવાળા ડ્રાયફ્રુટસ (સુકા મેવા) અને દિવાળી દરમ્યાન ભેટ આપવા સુકા મેવાના ગીફ્ટ બોક્ષ હોલસેલ ભાવે ખરીદવા આજે જ પધારો.

**❋ હોમ ડિલીવરી માટે સંપર્ક ❋**

**નીતા મુકેશ શાહ,**

૫-દેવ આશિષ (લાલ બંગલો),

પહેલે માળે, ઉપાશ્રય લેન,

ઈન્ડીયન બેન્કની સામે, ઘાટકોપર (પૂર્વ).

❋ સંપર્ક ❋

**નીતા મુકેશ દંડ (લાલા)**

ફોન : 2501 1455 / 93230 30141


## અધ્યાત્મ-પ્રકાશ : અભિમાન-અહમ

માણસ પોતાના અહમને છોડી શકતો નથી અને તેથી પોતે તથા કુટુંબ દુ:ખી થાય છે. માણસનો સ્વભાવ એ ચામડી નથી કે એને ઉતારી શકાય. એ તો લોહીગત સંસ્કાર છે. આ આપણાપણું દરિયા જેવું છે. હજારો નદીઓનું મીઠુ જળ દરિયામાં અહર્નિશ ઠલવાય છે. તેમ છતાં દરિયો એનું ખારાપણું ત્યજતો નથી બસ આવી જ તાસિર માણસની છે. માનવ પોતાની કૂપમંડૂકતા છોડતો નથી. એવી મર્યાદિત વિચારદ્રષ્ટિમાં વિહરતા રહેવાને એ વિશાળ સૃષ્ટિ સમજે છે. જીવન એને ડગલે ને પગલે પરિવર્તન અને ચિંતનની વિપુલ તકો આપે છે. પણ પોતાનાં બંધિયારપણાને તોડવા તૈયાર થતો નથી.

આપણે ધાર્મિક બાહ્યાડંબરમાં રાચતા હોઈએ છીએ. ક્રિયાકાંડ, તિલક, માળા, વસ્ત્ર જેવા બાહ્ય આચરણોને અપનાવવામાં જ ધર્મની ઈતિશ્રી માનીએ છીએ. પણ ધર્મને ક્યારેય આચરણમાં મૂકતા નથી. મનનાં મહેલમાં સંસ્મરણો સદા ઝળહળતા રહે છે. એનો પ્રકાશ ભીતરને અજવાળતો રહે છે. આ પ્રકાશમાં માનવી ધારે તો પોતાનાં અંતરમાં રહેલા વિકારોને ભસ્મીભૂત કરી શકે છે. પરંતુ એ મોહના ઝાળાને બાળી શકતો નથી એની માયામાં રચ્યોપચ્યો રહે છે.

માણસ કમ સે કમ એક નાનું કોડીયું પેટાવીને પણ અંધકારમાં બીજાને માર્ગ ચીંધી શકે છે. પણ દીવો ધરવા માટે નિર્મલ હૃદયની જરૂર છે, અજવાળું પાથરવા ઘગશ જોઈએ તો આંતરબાહ્ય અંધકારરૂપી અહમમાંથી મુક્તિ મેળવી શકાય.

***સં. અશોક પદમશી નાગડા (નેત્રા)***


K. Dixit

રીયલ ડાયમંડ જ્વેલરી

**કૌશિક રાયચંદ શાહ (પટેલ)**

(સાંધાણ - ઘાટકોપર)

98204 57676



॥ શ્રી સુપાર્શ્વનાથાય નમઃ ॥

# ૪૦૦ વર્ષના પ્રાચીન મોડપર તીર્થના જીર્ણોધ્ધાર પ્રસંગે અનેરા શુભ અવસરે પધારવા સૌને ભાવભર્યું નિમંત્રણ

આપ સૌને સુવિદિત છો તેમ ગુરૂવર્યોની અસીમ કૃપાથી ૪૦૦ વર્ષના પ્રાચીન સુપાર્શ્વનાથ દાદાના દરબારે મોડપર તીર્થના જીર્ણોધ્ધારનું કાર્ય પૂરજોશમાં ચાલુ છે.

આપ સૌએ આપના જીવનમાં જિનાલયના ખાતમુહુર્ત, અંજનશલાકા અને પ્રતિષ્ઠા મહોત્સવ નિહાળ્યા હશે. તેમ આ અવસર અનેરો અને મહામુલો પ્રસંગ આવી રહ્યો છે.

**વિક્રમ સંવત ૨૦૬૯, કારતક સુદ ૫ (લાભ પાંચમ) રવિવાર, તા.૧૮ નવેમ્બર , ૨૦૧૨ના શુભ દિવસે અને શુબ મુહુર્તે બપોરના ૧૨.૩૯ કલાકે વિજય મુહુર્તે અચલગચ્છીય સમાચારી અને વિધિવિધાન મુજબ...**

**મોડપુર તીર્થે નિર્માણાધીન સુપાર્શ્વનાથ જિનાલયે :**

**૧) આંમલસર સ્થાપના (ધ્વજદંડ)**

**૨) ગંભારાના ઉંબરાનું સ્થાપન**

**૩) ત્રણ દિશા ચોકીના ઉંબરાઓનું સ્થાપન આદિ વિધાન કરવામાં આવશે.**

આ સ્થાપનાનો લાભ મોડપર મુકામે હાજર રહેનારા પરિવારોને તેજ દિવસે અને તેજ સમયે ઉછામણી બોલીને આપવામાં આવશે. આ તીર્થના પ્રેરક અને માર્ગદર્શક સાહિત્ય દિવાકર, સૂરીમંત્ર આરાધક, પ.પૂ.આ. ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની પવિત્ર વાસક્ષેપથી પૂજન કરવાનો લાભ પણ આપવામાં આવશે. આ પ્રસંગે સર્વે સાધર્મિક ભક્તિનો લાભ પણ આપશોજી.

આપ સૌને આ શુભ પ્રસંગે શ્રી સંઘ વતી પધારવા **ભાવભર્યું આમંત્રણ** આપીએ છીએ. આ પ્રસંગની આગોતરી જાણ કરવાની અસમર્થતા બાબતે દરગુજર કરશોજી.

મોડપર તીર્થ જિનાલયના જીર્ણોધ્ધારના કાર્યની પ્રગતી ખૂબજ સુંદર રીતે ચાલે છે. સુપાર્શ્વના દાદા અને અન્ય જિનબિંબોની પ્રતિષ્ઠા વહેલી તકે કરવાની ભાવના છે. તે પહેલા મુંબઈમાં વિવિધ ઉછામણી, ગુરૂ મંદિરનું ખનન ખાતમુહુર્ત, એક નવા ભગવાનની અંજનશલાકા વગેરે કાર્યક્રમો ગુરૂ ભગવંતની આજ્ઞા અને આશીર્વાદ મુજબ આગામી મહિનાઓમાં હાથ ધરવામાં આવશે. ભોજનશાળા, નૂતન ઉપાશ્રય, અતિથીગૃહના રૂમો વગેરે કાર્યો પણ અગ્રતાકમે હાથ ધરવામાં આવશે. આ પ્રાચીન તીર્થને ખૂબજ નયનરમ્ય અને સુવિધાજનક બનાવવાની ભાવના છે.

આપ સૌ જ્ઞાતિજનો, દાતાપરિવારો, કાર્યકર્તાઓ તેમજ નામી-અનામી ભાગ્યશાળીઓના તન, મન અને ધનના સાથ સહકારથી જ આ શક્ય બનશે. અમો આપના ઉદાર સહયોગ બદલ હાર્દિક આભારી છીએ.

**શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દેરાસર અને ઉપાશ્રય અને તીર્થના ટ્રસ્ટીગણ**

**શ્રી પંકજ કેશવજી ધરમશી, શ્રી જીવરાજ કીલાચંદ નાગડા,**

**શ્રી ભુપેન્દ્ર લખમશી લોડાયા, મનોજ ભવાનજી ખોના, શ્રી સુનિલ માણેકજી લોડાયા, શ્રી નવીનચંદ્ર રતનશી શાહ અને શ્રી અશોક મણીલાલ દંડના જય જિનેન્દ્ર.**




## જ્ઞાતિ (ટ્રસ્ટ)ની મિલકત પરજ્ઞાતિવાળાને વેચી ન શકાય

અનંતનાથજી ટ્રસ્ટની મિલકત "અનંતછાયા"ના વેચાણે આટલો મોટો ઉહાપોહ કેમ જગાડ્યો? તેનું એક કારણ એ જ કે વેચાણ પહેલાં જ્ઞાતિજનોની (મહાજનની ખાસ સામાન્ય સભા બોલાવીને) સહમતિ લેવામાં ન આવી. જ્ઞાતિજનોની સહમતિ લઈને પછી ચેરિટી કમિશ્નરની મંજૂરી લેવામાં આવી હોત તો ગાડી સીધે માટે જ ચડી ગઈ હોત.

વર્ષો પહેલાં "અનંતનિવાસ"ના એક રૂમના વેચાણે પણ જ્ઞાતિમાં ભારે ચકચાર જગાડી હતી. આ વાત ૪૫ થી ૫૦ વરસ પહેલાંની છે. ત્યારે રૂમ ખાલી કરીને ટ્રસ્ટને સોંપવાનું ફરજિયાત હતું. વેચાણની મનાઈ હતી. હું ત્યારે અરદેશર મેન્સન (સર વસનજી ત્રીકમજીનો માળો)માં એક વીશીમાં જમતો હતો. ત્યાં મેં એ ચર્ચા સાંભળી હતી. એ કિસ્સામાં જ્ઞાતિની એક આગેવાન વ્યક્તિ સંડાવોયેલી હતી.

મેં ટ્રસ્ટનાં રહેઠાણોને લગતાં ધારાધોરણો વાંચ્યા નથી. પણ મારા સામાન્ય જ્ઞાનના આધારે અટેલું તો ચોક્સ કહી શકું કે આપણાં (ટ્રસ્ટ)નાં રહેઠાણો(રૂમો કે ફ્લેટો) પરજ્ઞાતિવાળાને વેચી ન શકાય. જો રૂમો કે ફ્લેટો પરજ્ઞાતિવાળાને ન વેચી શકાય એવી શરત હોય તો આખી મિલકત (જમીન અને મકાનો) પરજ્ઞાતિવાળાને કેવી રીતે વેચી શકાય?

આદર્શ સ્થિતિ તો એજ છે કે જે રીતે "અનંતસિદ્ધિ" અને "અનંતછાયા" ટ્રસ્ટના તે સમયના અધિકારીઓની દેખરેખ હેઠળ બંધાયા તે જ રીતે હવે બંનેનું, ટ્રસ્ટના હાલના અધિકારીઓની દેખરેખ હેઠળ જ રિડેવલપમેંટ થાય. જો રિડેવલપમેંટનું કામ આપણી જ્ઞાતિના બિલ્ડરોને સોંપાય તો સોનામાં સુગંધ ભળે.

થોડા સમય પહેલાં આપણી (જ્ઞાતિની) પાલીતાણાની એક મિલકત વેચાઈ. એ કામ ઘણી સરળતાથી પાર પડયું હતું. "અનંતછાયા"ની બાબતમાં આવું કેમ ન બને?

આપણી પોતાની મિલકત વેચવી હોય ત્યારે આપણે કુટુંબના તમામ (નાનાં બાળકોને બાદ કરતાં) સભ્યોના અભિપ્રાય જાણીને, તેમની સંમતિ લીધા પછીજ આગળ વધીએ છીએ. જ્ઞાતિ એ પણ આપણું કુટુંબ જ છે.

ઝાઝું ખેંચવામાં માલ નહિ અને આપણી મિલકત પરજ્ઞાતિવાળાના હાથમાં જાય નહિ એ જોવાની આપણી ફરજ છે.

*ગાંધીધામ : તા.૨-૧૦-૧૨* — *શામજી પદમશી છેડા*

## ઝૂકી તો જવાય ને!

### જ્ઞાતિમાં શિસ્ત ભાવના

પ્રારંભે અરિહંત બેંકની વાર્ષિક જનરલ સભા ભાંડુપના આદી અનંત ઉપાશ્રયે કે શેઠ શ્રી નરશી નાથા હોલમાં ભરાતી. કોરમનો અભાવ રહેતો. બેંકના ડાયરેક્ટરો અને સ્ટાફ અનંતસિધ્ધિના રહેવાસીઓને પરાણે ભેગા કરતા અને આજે ૨૯મી વાર્ષિકસભામાં કાલીદાસ સભાગૃહ પણ ટૂંકો પડયો. આ વખતે ૧૪૦૦થી વધુ શેરહોલ્ડરો ભેગા થયા! જે ભાગ્યેજ અન્ય કોઈ બેંક કે કું ઓ ભેગા થતા હશે. આટલી મોટી હરણફાળ પ્રગતિ અરિહંત બેંકની સિધ્ધિઓમાં યશકલગી છે!

શિક્ષિત જ્ઞાતિજનો બેસવાની જગ્યાના હોવા છતાં પણ પીનડ્રોપ શાંતિ જાળવી. જરા પણ ગડબળ અશાંતિ કે અશિસ્ત નહીં! સભામાં મુદ્દાસર સવાલો અને સૂચનો અને હર શેરહોલ્ડરોને બેંકના ચેરમેન શ્રી કુમાર દંડ દ્વારા ત્વરીત સચોટ જવાબ અને ખુલાસો ચાલુ મીટીંગે વરચે. જરા પણ આવનજાવન નહીં. ભેળા થયા ભાવથી અને છૂટા પડ્યા શિષ્ટાચારથી, વરસો અગાઉ વિદ્યાર્થીસંઘના વાર્ષિકોત્સવે શિસ્ત જાળવવા સંઘની ટીમ સંખ્યાબંધ વોલીંટરો અને પોલિસ બંદોબસ્ત પણ રાખતા અને તેમ છતાં અશિસ્ત રહેતું જ. વ્યવસ્થાપકોને કાયમ ડર રહેતો.

અનંતનાથ જિનાલયે શ્રી શાંતિલાલ શાહ જેવા દિગ્ગજ કલાકાર શ્રી દેવાણી બંધુઓના સંબંધે પધારતા ત્યારે અશિસ્ત માટે ટકોર તો કરતા જ. આજે એ બાબતે પરિવર્તન જોવા માટે શિક્ષિત જ્ઞાતિજનોએ શિસ્ત અને શિષ્ટાચારને અપનાવી જ્ઞાતિ મહાજનની નવી દિશાઓનો ઉઘાડ કરી જ્ઞાતિની ગરીમાને ગૌરવવંતી બનાવી છે! એવા શિસ્તને સલામી આમ દો. ખરેખર, ઝૂકી તો જવાય ને!

— *લહેરચંદ વેલજી મૈશેરી (ભાંડુપ)*

શુભેચ્છા સહ...

**શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)**

**UKKHIMJI & CO.**

144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057

॥ નમામિ જ્ઞાતિમૈયે ॥

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન

વહીવટી કાર્યાલય:સેક્રેટરી જનરલ, ૧૯-૨૦ મોનાણીસદન, નહેરૂ રોડ, મુલુન્ડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : C/o.(022) 2590 3514-5-6 ● Email : samastmahajan@yahoo.com

આદરણીય જ્ઞાતિજનો, પ્રણામ...

જ્ઞાતિ જનજાગરણ અભિયાનમાં મહાજનો/સંસ્થાઓ અને કાર્યકરોએ જે આત્મીય આવકાર આપી, ઉત્કૃષ્ટ પ્રતિસાદ દાખવી, સચોટ આયોજન દ્વારા સમગ્ર અભિયાનને સફળ બનાવેલ તે બદલ હાર્દિક **અભિનંદન અને આભાર...** આ અભિયાનમાં મળેલ જ્ઞાતિસુરને કાર્યવાચા આપવા... ધીમા પણ મક્કમ પગલે, સૌના સથવારે કાર્યપુર્તતા તરફ આગળ વધવા કટીબધ્ધ છીએ. સૌ જ્ઞાતિજનોના સાથ સહકારે સમસ્ત જ્ઞાતિ મહાજન પુનઃ કાર્યાન્વિત થયા બાદ સતત સક્રિય રહી તેના બંધારણીય હેતુ-ઉદેશ્યોની પુર્તિરૂપે વિવિધ જ્ઞાતિઉપયોગી પ્રવૃતિઓ કરી રહ્યું છે. જનસંપર્કના પ્રયાસરૂપે પ્રથમ જ્ઞાતિ જનજાગરણ સંપર્ક અભિયાન આદરાયું જે સ્થાનિક મહાજનો/સંસ્થાઓના પ્રતિસાદ અને સહકારથી સફળતાની વર્યું.

જ્ઞાતિને સ્પર્શતા સામુહિક પ્રશ્નો/માંગની ચર્ચા કરી સમસ્યાઓની નોંધ લેવાઈ અને જ્ઞાતિ પ્રગતિના સુચન સંકલિત કરાયા. જેના અનુસંધાનમાં કેટલાક કાર્ય વિચારોના અહીં પ્રસ્તુત કરતા આનંદની લાગણી થાય છે.

આ અભિયાનમાંથી કેટલાક સુચનો-વિચારો કોઈપણ આર્થિક બોજ વિના કે સમયબંધન વગર આપણે આચાર વ્યવહારમાં લાવી શકીએ એમ છે. એટલે મહાજન પરંપરાના મુળીયા મજબુત કરવા આપણા સ્થાનિક મહાજનની ગરીમા વધારી દરેક પ્રવૃતિમાં તેને સાથ સહકાર આપી વધાવી લઈએ.

**મુંબઈમાં અતિથીગૃહ :** મુંબઈમાં તાત્કાલીક ધોરણે જ્ઞાતિનું સ્વતંત્ર અતિથિગૃહ નિર્માણ થાય એવા સમગ્ર જ્ઞાતિના બુલંદસુરને ધ્યાનમાં રાખી આ કાર્યને આગળ વધારવા શ્રી સમસ્ત મહાજન, મુંબઈ મહાજન અને અનંતનાથ ટ્રસ્ટની સંયુક્ત બેઠક લઈ કંઈક પરીણામલક્ષી કાર્યવાહી થાય તેવા પ્રયત્ન ચાલુ છે. આમ સમસ્ત મહાજન સૌને સાથે લઈ જ્ઞાતિહિતની પ્રવૃતિઓમાં સક્રિય રહી સમન્વય અને સંકલનની જવાબદારી નિભાવે છે.

**વસિયતનામું :** આપની હયાતિમાં જ પરિવારની સુરક્ષા-શાંતિ માટે, અગાઉથી આયોજનબધ્ધ વસિયતનામુ કરી રાખવું અત્યંત જરૂરી છે.

**મહાજન પરંપરા :** જન્મ, સગપણ, લગ્ન, છૂટાછેડા અને મરણની નોંધ આપના સ્થાનિક મહાજનોમાં કરાવી, સ્થાનિક મહાજનને મજબુત બનાવો અને સંપર્કમાં રહો એવી અપીલ છે.

**માનવતા ધર્મ :** જીવતે રક્તદાન અને નશ્વર દેહ છોડયા બાદ ચક્ષુદાન, દેહદાન, ત્વચાદાન વિ. કરી એ માનવીય મુલ્યોનો મહિમા વધારી તેનો વધુ પ્રસાર પ્રચાર કરીએ. અનેકોને જીવતદાન આપવા નિમીત બનીએ.

**ગોર પ્રથા :** ખુશાલીના પ્રસંગોએ ઉત્સાહ ઉમંગને પ્રદર્શીત કરવા ગોરપ્રથા વર્ષોથી ચાલી આવે છે. ભુતકાળમાં પણ એ અંગે કેટલીકવાર જ્ઞાતિમાં ચર્ચાઓ... ઠરાવો થયા છતાં, આ પ્રથા બંધ કે ઓછી થવાના બદલે... વર્તમાનમાં વધુ વેગ પકડી રહી છે. ત્યારે એને સમુળગી બંધ કરવી શક્ય ન હોય તો, એનું મહેનતાણું ઢોલીઓ સાથે નક્કી કરી, તેટલું તેમને સપ્રેમ આપી, બાકીની રકમ સ્થાનીક મહાજનમાં જમા કરાવી, મહાજનની પ્રવૃતિઓને વેગ આપવું.

**પ્રાર્થના સભા :** સમયની સાથે ચાલવું અને આગવી દશાઈ પરંપરાને અકબંધ રાખવી એ આપણી ખાસીયત રહી છે. વર્ષો પહેલા સાદડી-શોકની પ્રથાને તિલાંજલી આપી, પ્રાર્થનાસભાની શરૂઆત કરાઈ. સાદગીપૂર્ણ આ શરૂઆત પણ આજે તે વરવું રૂપ ધારણ કર્યું છે એમ જણાય છે. નાના માણસને લોકલાજે વ્યવહારમાં તણાવું પડે છે. એલે એ રીતરિવાજને સાદગીથી પાળીએ એ જરૂરી છે.

**લવાદ પંચ :** શ્રી તિલોકચંદ નરશી દંડ, શ્રી કીરીટ લક્ષ્મીચંદ લાપશીયા, શ્રી રાજેન્દ્ર મણીલાલ ખોના, શ્રી શૈલેશ સનત શાહ, શ્રી કાંતિલાલ વોરાની નિમણુંક કરાઈ છે.

આ લવાદપંચમાં આપના કૌટુમ્બિક પ્રશ્નો વિશેષમાં સગપણ અને લગ્ન છુટા વ્યવહારીક અને ધંધાકીય પ્રશ્નો જ્ઞાતિસ્તરે જ કોર્ટ બહારના ઉકેલરૂપે છોડી શકાશે એમાં બન્ને પક્ષોએ પોતપોતાની કેસ માહિતી લેખિતમાં અરજી કરી જણાવશે અને પંચ દ્વારા બન્નેનો પ્રશ્ને સાંભળવમાં આવશે અને બન્ને પક્ષે વ્યવહારીક રીતે વચલો રસ્તો કાઢવા પ્રયત્ન કરાશે.

**વતનની જમીન અંગે માર્ગદર્શન સમિતિ :** શ્રી પ્રવીણ હંસરાજ લોડાયા, શ્રી જયેશ ભાગચંદ જૈન, શ્રી વિનોદ રાયચંદ ધુલ્લા, શ્રી અરવિંદ લાલજી લોડાયાની એક સમિતિ રચવામાં આવેલ છે.

વતનમાં આપની મિલ્કત-જમીન વગેરેના કરવેરા આદિ આપના નામે નિયમિત ભરાવા જોઈએ. અને તેના દસ્તાવેજ આપના નામે હોવા જોઈએ એમાં ક્યાં અડચણ કે પ્રશ્ન હોય તો તે અંગે આ સમિતિ માર્ગદર્શન આપશે. હાલ કચ્છમાં સરકાર દ્વારા જમીન માપણી / નોંધણીનું કામ ચાલુ છે.

**મુંબઈમાં તબીબી માર્ગદર્શન કેન્દ્ર :** શ્રી ભરત મુરજી મૈશેરી, શ્રી મુકેશ દામજી મૈશેરીની નિમણુંક કરાઈ છે. મેડીકલ, શિક્ષણ કે જરૂરી પ્રસંગે મુંબઈમાં પધારતા જ્ઞાતિજનોને તે અંગે અને વિષેશરૂપે મેડીકલ બાબતે મુંબઈની સંબંધિત માહિતી અને સુવિધા વિષેનું માર્ગદર્શન પુરું પાડવામાં આવશે.

**અચલગચ્છીય કેલેન્ડર :** સમસ્ત મહાજન દ્વારા સચિત્ર-રંગીન, અનેકવિધ જ્ઞાતિની માહિતી સાથેનો સુંદર આકર્ષક કેલેન્ડર દરેક જ્ઞાતિ પરિવારને નિશુલ્ક ઘર પહોંચ કરવાની ભાવના છે. આ કેલેન્ડરના અર્થ સૌજન્યમાટે ફક્ત ૧૦,૦૦૦/- અને ૧૫,૦૦૦/-ની સૌજન્ય પટ્ટી દ્વારા આપ આપનો સંદેશો-વ્યાપાર ઉદ્યોગની માહિતી દરેક જ્ઞાતિ પરિવાર સુધી પહોંચાડી શકશો, વહેલો તે પહેલોના ધોરણે સૌજન્ય પટ્ટીના નામ સ્વીકારાશે. અને વધુમાં આ રીતે જ્ઞાતિ ઉપયોગી પ્રવૃતીઓને વેગ આપવા નિમિત બનશો.

**બાળમેળા અને ધાર્મિક સંસ્કરણ :** ધાર્મિક સંસ્કારોનું સિંચન બાલ્ય અવસ્થામાં વધુ ઝડપથી અને અસરકારક રીતે થઈ શકે છે એ રૂએ જ્ઞાન સાથે ગમ્મતરૂપે ધાર્મિક શિબિરો, પાઠશાળાઓને પ્રોત્સાહન, સામાજિક સંસ્કરણ, ચૈત્યપરિપાટી જેવી પ્રવૃતિઓ ઉપરાંત બાળકોમાં શરૂથી જ જ્ઞાતિ ભાવના ખીલે અને સમાજથી જોડાયેલા રહે તે માટે બાળમેળાઓનું આયોજન કરવા સમસ્ત મહાજન દ્વારા શ્રી નિશીથ આણંદીલાલ દંડ (વડોદરા), શ્રી રાયચંદ હંસરાજ ધરમશી, શ્રી રાજેન્દ્ર માણીલાલ ખોના, વગેરેની એક સમિતિનું ગઠન કરવામાં આવ્યું છે. આ સમિતિ દ્વારા બાળકોની યાત્રા, પર્યટન, શિબિરો આદિના રજાઓમાં આયોજન થશે. જેથી બાળકોને જ્ઞાતિલગાવ રહે અને ધાર્મિક સામાજિક સંસ્કાર મળે.

આપ સૌ જ્ઞાતિજનોના સથવારે આપણા સહીયારા પ્રયત્ન દ્વારા આ કાર્ય સફળતા મળશે એવી અભિલાષા છે. આપના સુચન આવકાર્ય છે.

***સમસ્ત મહાજન કોઈની માથે નહીં પણ છે સૌની સાથે.. એજ ભાવના સાથે...***

***ચીમન મોતા***

***(સેક્રેટરી જનરલ)***

## આજનો મહા રોગ : "મજા આવવી જોઈએ" - *પ્રવીણચંદ્ર શામજી ધરમશી (સુરત)*

અત્યારનો સમય હાઈ-ટેકનોલોજીનો છે. ૨૪×૭ કલાક સતત ટી.વી.નું પ્રસારણ, એફ.એમ.રેડિયોનું પ્રસારણ ઉપરાંત મલ્ટીમીડીયા મોબાઈલમાં એમ.પી.થ્રી.., લેપટોપ, ટેબ્લેટ, આઈપોડ જેવાં હાથવગા આધુનીક "ગીઝમો." કે ગેઝેટસના સહારે તમે ધારો ત્યારે મનોરંજન, માહિતી કે જ્ઞાન મેળવી શકો છો. તે ઉપરાંત સીનેમા, નાટક અને "આઉટીંગ્સ." જેમાં પીકનીક, શોપીંગ કે હોટલમાં જમવાનું પણ ખરૂં. છતાં પણ મોટાભાગના લોકોના હોઠ પર એક સર્વસામાન્ય ફરિયાદ હોય છે-મજા નથી આવતી લાગે છે લોકોના સુખના પરિઘનું કેન્દ્રબિન્દુ માત્ર **મજા** છે.

વર્ષો પહેલાં પશ્ચિમના દેશોમાં આ રોગ જેને ત્યાં "સીન્ડ્રોમ." કહેવાતું ખુબ જ વ્યાપક પ્રમાણમાં હતું જેનાથી લોકો હતાશા (ડીપ્રેશન) કંટાળો (બોરડમ) અને એકાકીપણું (વીથડ્રોઅલ સીન્ડ્રોમ) કે કેટલાક કિસ્સામાં આત્મહત્યા પણ નોંધાયેલી છે. ત્યારે ઘણા લોકો ખાસ કરીને યુવાનવર્ગ દવા (ડ્રગસ) કે અન્ય નશીલા પદાર્થો (નારકોટીક્સ)નું સેવન કરતા અને કેટલાક આધ્યાત્મિક માર્ગે પણ વળતા અને જીવનમાં શાંતિ શોધવા.. પ્રયત્ન કરતા.. આપણા ભારતીય ગુરૂઓ જેમકે રજનીશજી કે મહેશ યોગી એ અરસામાં અમેરિકામાં ઘણી શીબીરો કરતા અને ત્યાં તેમના ઘણા ચેલા (ફોલોઅર્સ) હતા.. આ વિષય પર આધારિત બે ફિલ્મો ત્યારે ખુબ ચાલેલી જેમાં "હરે રામ હરે ક્રિષ્ણા" મુખ્ય અને થોડે અંશે "પૂરબ-પશ્ચિમ." પણ લોકપ્રિય થયેલી..

હવે આપણા દેશમાં પણ આવા કિસ્સાઓ જોવા મળે છે. મારા મિત્રે મને તેમના પરિવારની વાત કરેલ.. તેમના ઘરમાં ચાર ટી.વી. છે દરેક વ્યક્તિનો અલગ રૂમ અને અલગ ટી.વી. લગભગ ૧૫૦ જેટલી ચેનલ આવે છે. તેમનું અવલોકન છે કે મોટા ભાગે દરેક જણ માત્ર ચેનલ બદલ્યા કરે છે. (ચેનલ સર્ફીંગ) અને છેવટે કંટાળીને "મજા નથી આવતી." કરીને ટી.વી. બંધ કરી દે છે.

અન્ય એક મિત્રની વાત જરા અલગ છે. તેમનો પુત્ર "સોફ્ટવેર એન્જીનીયર" છે અને મુંબઈની કોઈ બહુરાષ્ટ્રિય કમ્પનીમાં કામ કરે છે. વાર્ષિક પેકેજ રૂપિયા દસ લાખનું છે છતાં વારંવાર તેના પિતાજીને ફરિયાદ કરે છે કે નોકરીમાં "મજા નથી આવતી.".

મારા એક સુરતી મિત્રના માતાજીનું બે વર્ષ પહેલાં અવસાન થયેલ ત્યારે હું તેમને દિલાસો આપવા તેમના ઘરે ગયો હતો.. મને કહે "શાહભાઈ ડોહી તો ગઈ પણ તેની યાદમાં આપણે "ભજન સંધ્યા" ગોઠવવી છે કોઈ સારી સંગીત પાર્ટી ધ્યાનમાં હોય તો કહેજો, લોકો ને મજા આવે તેવી જોઈએ પૈસાની ફિકર ન કરતાં, મત્યુના મલાજાની જગ્યાએ તેની મહેફિલ બનાવાના સ્તરે આપણે આવી ગયા છીએ!

લગભગ આવી જ પરિસ્થિતિ એક અન્ય પ્રસંગે જોવા મળી હતી.. એક સામાજીક સંસ્થાના એ વર્ષમાં ત્રણ સભ્યોના અવસાન થયા તેથી મનોરંજન કાર્યક્રમની જગ્યાએ ભક્તિ સંધ્યાનું આયોજન કરવામાં આવેલ.. ભોજનમાં પણ મિષ્ટાન અને ફાસ્ટ ફુડ વર્જીત રાખેલ.. ભજન સંધ્યામાં શરૂઆતના ૧૦-૧૫ મીનીટ ભજન ગવાયા પછી ગાયક અને આયોજકોને લાગ્યું કે લોકો કંટાળે છે તેથી ગુજરાતી ગીતો અને ગઝલ ચાલુ કરાયા ત્યારપછી હિન્દી ફિલ્મોના ગીતો અને પછી "સનેડો" અને અંતે લગભગ હાસ્ય અને મનોરંજન સાથે ભક્તિસંધ્યા સમાપ્ત થઈ. (મજા નથી આવતી)

લગભગ આઠેક વર્ષ પહેલાં અમારા પાડોશીને ત્યાં એક મુનિ (યતિ) પધાર્યા હતા.. મુનીશ્રી લગભગ ૪૦ વર્ષના હતા પણ જ્ઞાની હતા.. હિન્દી ઉપરાંત અંગ્રેજી પણ સારું જાણતા હતા.. માત્ર એકજ વાર ભોજન ગ્રહણ કરતા હતા અને માત્ર ૪ કલાક જ નિદ્રા.. તેમના જ્ઞાનસભર વ્યાખ્યાનથી ઘણા પ્રભાવિત થયેલ.. તેમની યાદશક્તિ ગજબની હતી.. પહેલીવાર તેમના દર્શને ગયા ત્યારે તેમણે અમારૂં નામ વ્યવસાય વગેરે જાણ્યું હતું. દરરોજ રાત્રે જ્ઞાન શીબીર રહેતી જેમાં ધાર્મિક ઉપરાંત સામાન્ય જ્ઞાનના પ્રશ્નો પૂછતા, જેમાં ક્યારેક નામ લઈને બોલાવતા.. અમારી સોસાયટીના લગભગ બધાજ સભ્યોને તેઓ નામથી બોલાવતા.. એકવાર એમણે મને પૂછયું "પ્રવિણજી, હમારે પ્રવચનો મેં લોગોં કો મજા આતા હૈ કી નહીં?" મેં તેમને સાદર કહ્યું "પૂજ્યવર, હમ તો જ્ઞાન કે લીયે આતે હૈં મજા લેનેકે લીયે નહીં". તેમણે કહ્યું "મુજે આનંદ હૈ કે આપ જ્ઞાન કે લીયે આતે હૈં, અન્યથા જ્યાદાતર લોગ તો આનંદ ઔર મજાકે લીયે આતે હૈં ઈસલિયે હમેં હમારે પ્રવચન મેં ભી કભી કભી "જોક" સામિલ કરના પડતા હૈ" બોલો, લોકો પ્રવચન, આખ્યાન કે વ્યાખ્યાનમાં પણ મજા જ શોધે છે!

પણ વાસ્તવિકતા એ છે કે જીવનની મોટાભાગની પ્રવૃતિઓ ન ગમવા છતાં પણ કરવી પડે છે. ગમતાંનો તો ગુલાલ સૌ કોઈ કરે પણ ન ગમતાંનો જે ગુલાલ કરે એજ વીરતા છે. ન ગમતી પ્રવૃતિ પણ જે સાચા દિલથી

કરે અને તેમાંથી પણ આનંદ માણી શકે તેવા લોકો જ સફળ થાય છે. કાર્ય નહીં પણ કાર્યનું ફળ જ આનંદ આપે છે. આપણે ફળમાંથી આનંદ લેવાનો હોય, કાર્યમાંથી નહીં. પણ અહીં જ મોટાભાગના લોકો ગુંચવાઈ જાય છે મને મારા પિતાજીએ એક સરસ વાત કહી હતી "જે કામ પ્રતિષ્ઠા માટે કરવાનું હોય ત્યાં પૈસા ન મળે અને જે કામ પૈસા માટે કરવાનું હોય ત્યાં પ્રતિષ્ઠા ન પણ મળે કોઈક નશીબવાળાને જ બન્ને વસ્તુઓ સાથે મળે" મતલબ કાર્ય અને ફળ બન્નેમાંથી આનંદ મળે તેવા નશીબદાર લોકો બહુ ઓછા હોય છે.


**મનગમતા પાત્રની શોધ**

જીવન છે જીવવા જેવું માણવા જેવું એમાં જો સાથી મળી જાય મનગમતું તો તો વાત જ શું કરવી. મનગમતા સાથીની ખોજ હવે નથી મુશ્કેલ. આવો, અસાંજો કચ્છ ડોટ કોમની વેવિશાળ સેવાના વિશાળ ફલક પર અને હજારો, લાખો માઇલ ભલે ને દૂર હોય મનગમતું પાત્ર પણ આપ સહેલાઈથી તેને શોધી શકશો અને પામી શકશો. તો આજેજ અસાંજો કચ્છ ડોટકોમની વેવિશાળ સેવાનો લાભ લો.

**સંપર્ક : દિપક કારાણી**

**29674007 / 8 / 9 / 9969674905**

Registrar online on : www.asanjokutch.com/matrimonials



**મહાવીર બંધેજ – ફોન : 24010597**

**મહાવીર બીલ્ડીંગ કંપાઉન્ડ, માટુંગા (CR)**

**SALE 20% *Discount***

- ◆ પ્યોર ક્રેપ, જ્યોર્જેટ, સામો બાંધણી.
- ◆ પ્યોર ગજી, કોટન ગઢવાલ, કોટા બાંધણી.
- ◆ ઉપાડા, કટવર્ક ઉપાડા, તિલફી કેપ બાંધણી.
- ◆ ફેન્સી એમ્બ્રોયડરી બાંધણી તથા ચણિયા ચોળી
- ◆ ફેન્સી પાનેતર, બાંધણી, લહેરીયા
- ◆ રીયલ અને ટેસ્ટેડ ઘરચોળા, મલ્ટી ઘરચોળા
- ◆ જામેવાર તથા પટોળામાં ફેન્સી બાંધણી
- ◆ ઘરચોળા બાંધણી માટે ફેન્સી બોર્ડર તથા ડિઝાઇનર બ્લાઉઝ

**ALL DAYS OPEN UPTO DIWALI**


## સમસ્ત દંડ પરિવારની અંતરભીની શ્રધ્ધાંજલિ

: જન્મ :
તા. ૨-૬-૧૯૪૬
જલગામ



: અરિહંતશરણ :
તા.૩૦-૯-૨૦૧૨
ડોંબિવલી (ઈ)

**સ્વ. દમયંતીબેન કાંતિલાલ કરમશી દંડ**

કરૂણામયી આંખો, વાત્સલ્ય અને મમતામય હૃદય, ધર્મ, કર્મ અને કર્તવ્યપ્રેમી, પરિવારપ્રેમી, સહુમાં દિલમાં જેમનું સ્થાન હતું એ વખત થયો અને ચુપકેથી ચાલી ગઈ ત્યારે અમે તમને "આવજો" નહીં, "આવો" કહીશું જગ ભલે ભુલી જવાય, તમે ભુલાશો નહી.. એ દિવ્ય આત્મા પરમપદ પામે એજ પ્રાર્થના...

**-: વિયોગમાં વ્યાકુલ પરિવાર :-**

**માતુશ્રી સ્વ. સોનબાઈ કરમશી પદમશી દંડ પરિવાર** - મંજલ

**માતુશ્રી સ્વ. દેકાંબાઈ પદમશી હંસરાજ પોલડીયા પરિવાર** - ગોએરસમા

જીવનસાથી : **કાંતિલાલ કરમશી દંડ** - મંજલ

પુત્ર-પુત્રવધુઃ **સમતા જયેશ કાંતિલાલ દંડ** - મંજલ ● **કવિતા કલ્પેશ કાંતિલાલ દંડ** - મંજલ

જમાઈ-પુત્રીઃ **દીપા વિપીન ચીમનલાલ મોતા**-સુથરી ● **કીર્તિ (કાજલ) રાજેશ ઠાકરશી ડાઘા**-વરાડીયા

દોહિત્ર-દોહિત્રીઃ **આદિત્ય, ઋષભ, રચના, રિધ્ધી** ● પૌત્રઃ **મોહિત, મિથિલ, જિનેન્દ્ર**

**ઇતિહાસ પ્રકાશ : નલિયા અને ત્યાં થયેલ જ્ઞાતિ વસવાટ...** - *સંશોધન શ્રી જીવરાજ કરમશી શાહ*

*વસતિપત્રક સંબંધી કાર્ય પ્રસંગે શ્રી. બી.એન. મહેશ્વરીને મળતાં તેમણે ગામવાર આપણો ઈતિહાસ ટૂંકાણમાં મૂકવાની એક સૂચના કરેલી. એના અનુસંધાનમાં અમે કાર્ય પ્રારંભ કર્યો પરંતુ જોઈએ તેવી અને તેટલી માહિતી પૂરતા સમયમાં મળવા પામી નહિ. તેમ છતાં શહેરનો ઈતિહાસ ક્રમશઃ પ્રગટ કરવા પ્રયત્ન કર્યો છે.*

*દરેક ગામનો ઈતિહાસ ચાર વિભાગમાં વહેંચી નાખ્યો છે.*

*૧. ગામનું ઐતિહાસિક ભૌગોલિક વર્ણન, રાજકીય વહિવટ, વસતિ, ધંધોરોજગાર, જોવાલાયક સ્થળો, સંસ્થાઓ.*

*૨. જ્ઞાતિનું આગમન, વિકાસ અને અત્યારની પરિસ્થિતિ, સામુદાયિક સામાજિક-આર્થિક જીવન,*

*૩. જ્ઞાતિના જાણીતાં સ્ત્રી-પુરૂષોની ટૂંકી જીવનરેખા*

*૪. જ્ઞાતિની સંસ્થાઓ, તેમજ ટ્રસ્ટ ફંડોની માહિતી.*

*આ ઉપરાંત અન્ય ગામોની આ રીતે માહિતી મળે તે આવકાર્ય છે.*

*મુખ્ય માહિતી પૂરી આપડનાર શ્રી વર્ધમાન રામજી હંસાણી અને શ્રી હીરજી કાનજી હતા. પુરક માહિતી આપનાર ભવાનજી નાગશી ખોના, જેઠાભાઈ દેવજી નાગડા અને ખીમજી હીરજી છેડા હતા.*

*નોંધ : ક.દ.ઓ. જ્ઞાતિનું બીજું વસતિપત્રક "ક.દ.ઓ. પ્રકાશ" સમિતિએ પ્રગત કરેલું સંશોધન રજૂઆત કરનાર ક.દ.ઓ. પ્રકાશ સમિતિના સભ્ય ના નિવેદન પ્રમાણે બધા ગામનો ઈતિહાસ મેળવવાનો પ્રયત્ન થયેલો પણ નલીયાની માહિતી સારી રીતે મળેલ હે અહીં પ્રસ્તુત કરી છે.*

*જાણીતા ઈતિહાસ સંશોધક શ્રી વીરચંદ ધરમશીના માર્ગદર્શનમાં શ્રી ચંદ્રસેન મોમાયાના સંકલન સાથે આ માહિતી રજુ કરી છે.*

---

નલીયા જાગીર કચ્છ રાજ્યના પશ્ચિમ વિભાગમાં અબડાસા તાલુકામાં આવેલી છે. સત્તરમી સદીમાં હાજો અને ભીમ નામના બે ભાઈઓને હાલના ટીટીઆરી (સાત મકરાઈ)ના અબડાઓ સાથે લડાઈ થઈ. આ લડાઈની શરૂઆત ભાણવાવથી થઈ. લડાઈનું કારણ એમ કહેવાય છે કે હાજો નામનો જાડેજો ભાણવાવ આગળ પોતાની ગાયો ચરાવતો હતો. ગામધણીએ તેને આ હદમાં તેમ નહિ કરવાનું જણાવ્યું તે ઉપરથી હાજો પોતાના ભાઈ ભીમને બોલાવી. આ અબડાઓ સાથે લડાઈમાં ઉતર્યો. લોકવાયકા પ્રચલિત છે કે આ લડાઈમાં હાજો અને ભીમ લડતા લડતા ટીટીઆરી આગળ ખપી ગયા-પણ દુશ્મનોને સંપૂર્ણ હાર આપીને, જ્યાં તેમના પાળીયા અદ્યાપિ મોજુદ છે. આ બંને ભાઈઓનાં સંતાનોએ તેમનો મામો નૌતમસીંહ કે જે એક સારો જ્યોતિષિ અને જમીન પારખુ હતો તેની સલાહ ઉપરથી સં. ૧૬૫૫ (ઈ.સ.૧૫૯૯)ની આસપાસમાં **નોતમપુરી** વસાવ્યું; જે પાછળથી **નલીનપૂર** તરીકે ઓળખાતું, જેનું કાળાંતરે થયેલું અપભ્રંશ તે હાલનું **નલીઆ.** કેટલાકોનું એમ કહેવું છે કે આ લડાઈમાં હાજાના પક્ષમાં જખૌથી પરણીને આવતો એક નલીઆ નામ ધરાવતો વરરાજા લડાઈની નોબત સાંભળીને પાંઘરમાંથી જ લડાઈમાં જોડાઈ ગયો અને ખપી પણ ગયો. આ વીર કૃત્યને અમર કરવા જે નવું નગર વસાવવામાં આવ્યું તેને નલીયાનું નામ આપવામાં આવ્યું.

સં. ૧૮૧૯ (ઈ.સ.૧૭૫૩)ના પ્રખ્યાત ઝારા યુધ્ધમાં નલીયાના જાડેજા શ્રી લખધીરજી, ખેંગારજી અને માલાજી વગેરે વીરત્વથી લડાઈ ચલાવી કામ આવ્યા હતા. કે જેઓ કચ્છના મહાન યોદ્ધા સાહેબજીના વંશજો હતા. મીર ગુલામશાહ સાંધાણમાંથી સખત હાર ખાઈ પાછો કર્યો ત્યારે નલીઆના જાડેજા ક્લાજી વગેરે કુંવારબેટ પાસેનાં રણમાં તેનો પીછો પકડી તેને સીંધ તરફ નસાડ્યો. હજી પણ કહેવાય છે કે "ક્લો કેંકે ગજ બચાર, જાણે નરિયેજી ભાજાર." અહીં ખપી ગયેલા નલીયાના જાડેજાઓના પાળીઆનાં દર્શન કરવા તેમ જ માનતા ઉતારવા માટે તેમના વંશજો અને ભાયાતો ત્યાં જાય છે. આ વીર ઝુંઝારોની પ્રતિમૂર્તિઓની નલીયામાં વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરીને પધરાવામાં આવેલ છે, તેની નિયમિત પૂજા થાય છે, તથા મેળો ભરાય છે. કહે છે કે આ વીરતાની કદર રૂપે રાવશ્રીની હજુરમાં બેઠકનું ખાસ માન નલીયાના ટિલાયતને હતું અને ભૂજ શહેરમાં તેઓ ફરવા નિકળે ત્યારે તેમની આગળ દીવી ધરવાનું માન પણ હતું.

આ જાડેજાઓએ નલીયાનો વહિવટ ઘણો બાહોશીભર્યો ચલાવેલો, એટલું જ નહિ પણ આંતરવહિવટ માટેની તેમની સઘળા સત્તાઓનો તેમણે કુનેહભર્યો ઉપયોગ કરેલો, જેના પૂરાવારૂપે મ્યુનિસિપલ પદ્ધતિ તેમ જ ન્યાયની અદાલતનું અસ્તિત્વ છેક સંવત ૧૯૪૯ (ઈ.સ.૧૮૯૩) સુધી હતું.

આ જાગીર હેઠળ એક જમાનમાં ચાલીસ ગામો હતાં. નલીયા શહેરની જમીન મર્યાદા લગભગ ૧૮૦૦ પરાજા (૧૦૦૦ એકર આશરે) જેટલી અંકાતી હતી; પણ ભાગીદારી પ્રથાની વહેંચણી અને ઝગડાઓના પરિણામ રૂપ ખંડિત બની તે ભાયાતો અને શાહુકારો વચ્ચે વેંચાઈ ગઈ, અને છેલ્લાં પચીસ વર્ષ થયાં (આસરે ઇ.સ.૧૯૧૩) આ જાગીર કચ્છ રાજ્યનાં ભૂજ દરબારની હકૂમત હેઠળ આવી છે. આમ એ ૧૮૦૦ પરાજા જમીન, અત્યારે, (ઇ.સ.૧૯૩૮)માં ભૂજ દરબાર, અસલ જાગીરદારનાં વંશજો, ભાયાતો, ઠકરાઈ તથા શાહુકારોની વચ્ચે વેંચાઈ ગએલી છે.

નલીયા, અબડાસા તાલુકાનું મુખ્ય શહેર છે. કચ્છમાં આવેલાં મોટાં શહેરો ભૂજ, માંડવી, અંજાર અને મુંદ્રા પછીનું સ્થાન નલીયાનું આવે છે. ચતુર્સિમા; ઉત્તરે છાદુરા તથા વડસર; પશ્ચિમે જખૌ; દક્ષિણે કોઠારા તથા પૂર્વે તેરા. માંડવીથી ૨૨ ગાઉ અને ભૂજથી ૨૬/૨૭ ગાઉનું અંતર છે. દરબારી મથક (Seat) જખૌ છે; છતાં વિસ્તાર, વસતિ, ધંધોરોજગાર અને હુંડીયામણનું મથક જોતાં તાલુકાનું મુખ્ય શહેર નલીઆ જ ગણાય છે.

એક હજાર એકર જેટલી જમીન એટલે ઓરસ ચોરસ વીસ માઈલના વિસ્તારમાં પથરાયેલા નલીઆનાં હવાપાણી સારાં અને તંદુરસ્તી વધારનારાં છે. સૌથી વધુ ઠંડી અહીં પડે છે.

વરસાદ દર સાલ લગભગ પંદર ઇંચ થાય છે. અને તે જુલાઈ અને ઓગસ્ટમાં જ પડે છે. મુખ્ય પાક બાજરી, ગુવાર, જુવાર, ચણા તથા ઘઉંનો છે. ગરમીનું પ્રમાણ વધુમાં વધુ ૧૦૮ ડીગ્રી જુનમાં જણાય છે, અને ઓછામાં ઓછું જાન્યુઆરીમાં રહે છે. નલીઆ શહેરના પાદરમાં રાણીઆરો નદી વહે છે. શહેરની આજુ બાજુ હાજાસર આદિ ત્રણ મુખ્ય તળાવો છે.

રાજકીય કારોબાર ભૂજ દરબારના પ્રતિનિધિ વહિવટદાર હસ્તક છે. પોલીસ થાણું છે અને તે ફોજદારના હાથ તળે છે. મહેસુલ ખાતું ઘ્રુ મારફત જખૌ વહિવટદાર હસ્તક છે, જ્યારે દિવાની-ફોજદારી દાવાઓ માટે "અબડાસા-કોર્ટ બિટ્ટા જવું પડે છે. ગરડા તથા માંક પગરણાં વિગેરેમાંથી આવતો માલ જે વેંચવાનું કેન્દ્ર નલીઆ છે, તેના ઉપર તરોટ (જકાત) લેવાય છે, જેનો ઇજારો છે અને જેની વસુલાત ભૂજ દરબાર હસ્તક હોઈ ઉપજમાંથી ભાયાતો અને ઠકરાઈને નિયત હિસ્સો આપવામાં આવે છે.

કોઈ પણ જાતના પરવાના વગર, હરકોઈ પ્રજાજનને સર્વે પ્રકારનાં હથીઆરો રાખવાની છૂટ છે, જે છૂટ આખા કચ્છ રાજ્યમાં એક સરખા પ્રમાણમાં છે અને જે કચ્છ રાજ્યની એક વિશિષ્ટતા છે.

આ શહેરની વસતિ સંવત ૧૯૦૦ (ઇ.સ.૧૮૪૪)માં લગભગ દસ હજારની હતી, જેમાં ઓશવાળ જ્ઞાતિનાં લગભગ **સાડાચારસો** કુટુંબો હતાં, પણ ત્યારબાદ પચાસ વર્ષે નલીયાની વસતિ ઘટી અને ૭૦૭૮ માણસની રહી. તે પછીના ચાલીસ વર્ષમાં વસતિ વધુ ઓછી થઈ. ઇ.સ.૧૯૩૧ની વસતિ ગણત્રી મુજબ કુલ વસતિ ૫૦૬૬ની છે. સો વર્ષમાં વસતિનો આ થયેલો મોટો ઘટાડો વેપાર રોજગાર માટે પ્રજાનો વિદેશ વસવાટ તેમ જ સત્તાવાળા તરફથી સ્થાનિક રહીશોને મળવી જોઈતી પૂરતી સગવડના અભાવને આભારી છે. હાલની પાંચ હજારની વસતિ મુખ્યત્વે જૈન મૈશેરી વાયડા વણિકો, સારસ્વત, ગીરનારા ને પલ્લીવાલ બ્રાહ્મણો, લોહાણા, ભાટિયા, કાયસ્થ, જાડેજા, સોઢા, સુરંગી વગેરે અન્ય હિન્દુઓ; તથા ખોજા, મેમણ, વહેરા વગેરે મુસ્લિમ કોમોની બનેલી છે.

વસતિના મોટા ભાગ ખેતીવાડી ઉપર નિર્ભર છે. હુન્નરઉદ્યોગોમાં અગાઉ તુરીયા લોકોની ખેસ વગેરે કપડાં પરની કારીગરી વખાણાતી, પણ હાલ (ઇ.સ.૧૯૩૮ સુધીમાં) તે હુન્નર પડી ભાંગ્યો છે. ખેતીવાડીનાં તેમ જ સોની સુતારને લગતાં ઓજારો, તાળાં, કચ્છી રેંકડા તથા તેના પાયાનો ખાસ હુન્નર અત્રે છે. લાકડા પર રંગ ચડાવવાનું કામ મૃતઃપ્રાય દશાએ છે, જે કામ માટે નલીઆ વખાણાતું હતું. ઉપરાંત પત્થરની ખાણો આવેલી. જેમાંથી નીકળતો પત્થર અબડાસા તાલુકામાં બાંધકામો માટે જાય છે. દાળીઆ તથા ચોફાર માટે નલીઆ આખા કચ્છમાં પ્રખ્યાત હતું.

ગામની વચ્ચે ચોખંડા ઘાટની બજાર આવેલી છે. આવી બજાર કચ્છનાં બીજા ગામોમાં નજરે પડતી નથી. જે માટે કહેવત પ્રચલિત છે કે :

*નલીયા જેવા શહેરમાં ચોખંડી બજાર,*
*વચમાં આવી માંડવી, પાસે છે દરબાર.*

બજારની દક્ષિણ બાજુએ રાજ્યગઢની વિશાળ ઇમારત છે. બીજા વિશાળ અને જોવાલાયક સ્થળોમાં જ્ઞાતિના શેઠ નરશી નાથાનો બંગલો, શેઠ નારાણદાસ લક્ષ્મીદાસની ધર્મશાળા વગેરે ગણી શકાય. ધાર્મિક સ્થળોમાં શ્રી અષ્ટાપદનું જૈન મંદિર રોનકદાર, ભવ્ય અને વિશાળ છે. આ દેરાસર તેની કળામય બાંધણી માટે વિખ્યાત છે. (ઇ.સ. ૧૯૩૮)માં શેઠ નરશી નાથા કચ્છી જૈન બાળાશ્રમ માટે મકાનો બંધાયા. ત્રણ ચાર મહાજનવાડીઓમાંથી આપણી જ્ઞાતિની મહાજનવાડી સુંદર અને આલિશાન છે. આવી મહાજનવાડી કચ્છના અબડાસા પ્રાંતમાં ક્યાંય પણ નથી. ભાટીયા

જ્ઞાતિની મહાજનવાડી પણ સારી છે. ભાટીયાઓની હવેલી તેમ જ લોહાણાઓનું દરિયાસ્થાન અને મુસ્લીમ બિરાદરોની મદ્રેસા તેમ જ બે મસીદો જોવાલાયક છે. નલીયામાં જેવી ઈદગો કારીગરીવાળી સુંદર બાંધેલી છે તેવી આખા કચ્છમાં નથી.

જખૌના માર્ગે બાંભડાઈ તળાવવાળા નામક સ્થળે સાંજે હવાખાવાના હેતુથી લોકો ફરવા જાય છે, અને ત્યાં બેસવા માટે જાહેર ઓટાઓ (પત્થરના કોચ) પણ બંધાવેલાં છે. ખરવાળમાં જે એક ઓટો નજરે પડે છે તે સં. ૧૮૯૩ (ઇ.સ.૧૮૩૭)માં મેળો શેઠ નરશી નાથા તરફથી કરવામાં આવેલો ત્યારે તેના ધર્મદંડની નિશાનીરૂપ તેમના તરફથી બાંધવામાં આવેલો છે. નલીઆ-કોઠારા માર્ગે તળાવના આવ ઉપર કલકત્તાવાળા શેઠ જમનાદાસ તરફથી ૨૫ વર્ષ પૂર્વે (અંદાજે ઇ.સ.૧૯૧૩માં) પૂલ બાધવામાં આવ્યો જે તે વખતે આખા કચ્છમાં નવીનતારૂપ હતો. ભભા શેઠનો બગીચો જોવાલાયક છે, જે ઉપરાંત ૧૩-૧૪ વાડીઓ પણ છે. ઘમાણ વાવ આખા નલીઆને પીવાનું પાણી પૂરૂં પાડે છે.

અબડાસા તાલુકાનું મુખ્ય દરબારી દવાખાનું અત્રે છે, જેનું મકાન શેઠ ઉકેડા ખીમજી બાંઢીઆવાળા તરફથી તેમનાં વિધવા વેલબાઈએ દરબારને અર્પણ કરેલું છે. આખા અબડાસામાં કોઈ પણ સ્થળે બનેલા અકસ્માત યા તેવા કોઈ માટે સારવાર અત્રે લેવાય છે. એક બીજુ જાહેર સાર્વજનિક દવાખાનું પણ અત્રે છે. શહેરમાં ટપાલ તેમ જ તાર ઓફીસની સગવડ છે.

નલીઆની પ્રજાને શિક્ષણ આપવા માટે જુદી જુદી આઠ સંસ્થાઓ એક યા બીજી રીતે કામ કરે છે. જેમાં આપણી જ્ઞાતિની શેઠ નરશી નાથા કચ્છી જૈન બાળાશ્રમ, શેઠ નરશી નાથા જૈન કન્યાશાળા, શેઠ લાડણ ખીમજી જૈન સંસ્કૃત પાઠશાળા છે. બીજી સંસ્થાઓમાં શેઠ ગોકળદાસ તેજપાળ સ્કૂલ, શેઠ પુરુષોત્તમ ધરમશી લોહાણા બોર્ડિંગ સ્કૂલ, ભાટિઆ સંસ્કૃત પાઠશાળા, દરબારી કન્યાશાળા જેને શેઠ લક્ષ્મીદાસ રવજી તેરસી તરફથી મકાન બક્ષિસ આપવામાં આવેલ છે તે પણ ધ્યાન ખેંચનારી છે. વાંચન માટે ત્રણ લાયબ્રેરીઓ છે, જેમાં મુખ્ય યુસુફ શેઠ ખત્રીની છે. મણિભાઈ જશભાઈ (દરબારી) લાયબ્રેરી સૌથી જૂની છે. તેમજ જૈન બાળાશ્રમની લાયબ્રેરી છે. ઉપરાંત ત્રણ જૈન ભંડારો પણ છે.

પાંજરાપોળ એક જ છે અને તે આપણી જ્ઞાતિની છે. જેનું મકાન શેઠ શામજી ગંગાજર (લાલા)નું બંધાવેલું છે. સદાવૃત્તો તથા અન્નક્ષેત્રો બધાં મળી છ છે, જેમાં મુખ્ય આપણી જ્ઞાતિનું શેઠ નરશી નાથા ચેરિટી તરફથી ચાલતું સદાવૃત ખાતું તથા ગાંગજી લક્ષ્મીદાસનું અન્નક્ષેત્ર છે. કોટેશ્વર અને નારાયણ સરોવર જેવા પવિત્ર જાત્રાના ધામોએ જવાનો માર્ગ નલીઆમાંથી પસાર થતો હોઈ આ ક્ષેત્રોનો ઘણો લાભ લેવાય છે.

જૈન સાધુ-સાધ્વીઓને ઉતરવા સારૂ ત્રણ પૌષધશાળાઓ છે, જે બધી આપણી જ્ઞાતિની છે.

શેઠ ભોજરાજ દેસરની આયંબિલવાડી (કે જેમાં હાલ (ઇ.સ.૧૯૩૮માં) શેઠ નરશી નાથા કચ્છી જૈન બાળાશ્રમનો મુકામ છે.) ધાર્મિક ક્રિયાકાંડો વખતે સારી સગવડ પૂરી પાડે છે; અને જ્યાં આયંબિલો પણ કરાવવામાં આવે છે.

દર્શનાર્થે આવતા જૈન સંઘને, શ્રી સંઘ તરફથી બે ટંક જમણ અપાય છે, તેમ જ ઉતારાની સગવડ શેઠ લાડણ ખીમજીના લાડણપુરા તરીકે ઓળખાતા મકાનમાં આપણા મહાજન તરફથી કરવામાં આવે છે.

રાજ્યમાં હાલ (ઇ.સ.૧૯૩૮)માં શરૂ થએલા મોટર વ્યવહાર અંગે માંડવી-અબડાસા સરવિસનું નલીયા એક થાણું છે, જ્યાંથી નલીયા-કોઠારા (બિટ્ટા થઈને) સરવિસ તથા માંડવી-નલીયા સરવિસ નિયમિત ચાલુ છે. તેમ જ માંડવી-જખૌ સરવિસનું નલીયા એક અગત્યનું સ્ટેશન છે.


**મહાવીર ગ્રુપ (માટુંગા સે.રે.)**

**MAHAVIR BUILDING COMPOUND,**
**BHANDARKAR ROAD, MATUNGA (C.R.)**

**દશેરા - દિવાળી સેલ ધમાકા**

**મંગળવાર તા.૧૬-૧૦-૧૨ થી મંગળવાર તા.૧૩-૧૧-૧૨**

**મહાવીર સાડી - ફોન 24021818**

**સેલ (૨૦%) Discount**

♦ પ્યોર પ્રિન્ટેડ ક્રેપ જ્યોર્જટ ♦ પ્રિન્ટેડ કોટા તથા એમ્બ્રોયડરી અવરગંડી ♦ રીયલ પટોળા, બનારસી તથા ગઢવાલ ♦ Heavy Woven કોટન તથા ફેન્સી એમ્બ્રોયડરી ♦ ઇ જ્યોર્જેટ એમ્બ્રોયડરી સાડી ♦ પ્યોર સિલ્ક, પસ્મીના સિલ્ક પ્રિન્ટેડ ♦ Whiteમાં White ફેન્સી એમ્બ્રોયડરી સાડી ♦ Lucknow Heavy Chicken Embroidery સાડી તથા પંજાબી સુટ ♦ પ્રિન્ટેડ તથા ફેન્સી એમ્બ્રોયડરી ડ્રેસ મટીરીયલ - બાંધણી તેમજ લખનવી વર્ક

**ALL DAYS OPEN UPTO DIWALI**

## શિક્ષણ-પ્રકાશ : ઉચ્ચ શિક્ષણ કારકીર્દી માટે સરકારી સ્કોલરશીપ યોજનાઓ

મહારાષ્ટ્ર સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણ માટે અપાતી સ્કોલશીપ સહાય યોજનાનાની વિગત જ્ઞાતિછાત્રોના લાભાર્થે અત્રે આપી છે. વધુ માહિતી માટે સંપર્ક વેબસાઈટ http://www.dtemaharashtra.gov.in/scholarships/ જેમાં વધુ માહિતી નીચેની લીન્કપરથી તેની પ્રક્રિયા જાણી શકાય.

Scholarship scheme, documents required, list of courses, No. of scholarships, schedule/ procedure and FAQ.

આ લાભ માટે વિદ્યાર્થીએ ટેનીકલ કોર્સની અરજી ઓનલાઈન કરવી. જે જરૂરી ડોક્યુમેન્ટસ સાથે સમયસર જોડવા અને ઉચ્ચ શિક્ષણ વિભાગની જોઈન્ટ ડાયરેક્ટર ઓફીસે મોકલવી.

જો વિદ્યાર્થી માયનોરીટી કમ્યુનીટીના હોય તો રૂા.૧૦ના કોર્ટ ફી સ્ટેમ્પ પર નિયત એફીડેવીટ આપવાનું. ભરેલી વિગતો ચોકસાઈ પુર્વક તપાસી લેવી.

આ સ્કોલરશીપ માટેની પાત્રતા: મા-બાપની વાર્ષિક આવક રૂા.૨.૫૦ થી ઓછી હોવી જોઈએ અને મહારાષ્ટ્રમાં રહેવાસી હોવા જરૂરી છે. (Domicile સર્ટીફીકેટ)

આ માટે ક્યા કોર્સ અને કોલેજો યાદીમાં છે તે માહિતીમાં જણાવેલ છે. શૈક્ષણિક સંસ્થા અને કોર્સ પસંદગીમાં ચોકસાઈ કરી લેવી જરૂરી છે. ક્યાં પ્રશ્ન ઉભો થાય તો mcm.dte@gmail.com પરથી માહિતી મેળવી શકાશે. આ માટે ૫૦ જેટલા ટેકનીકલ કોર્સ પસંદ કરાયા છે. જે ડીપ્લોમા SSC, HSC અને ગ્રેજ્યુએટ/પોસ્ટગ્રેજ્યુએટ પછી શરૂ કરી શકાય છે. આ બધા કોર્સ ૧ થી ૪ વર્ષ સુધીના પણ છે.

માયનોરીટી કમ્યુનીટીના છાત્રો માટે કૌટુંબિક આવક જાહેર કરવાના ફોર્મનો નમુનો અત્રે આપેલ છે. દરેકે કૌટુંબિક આવકનો સરકારી દાખલો લઈ લેવા ભલામણ છે. આપણે સરકારી યોજનાઓના આવા લાભ લેવા જોઈએ. (માહિતી સંકલન : **ચંપક જીવાણી**)

### Annexure - I

**DECLARATION OF FAMILY INCOME AND MINORITY STATUS**

(On Rs. 10/- Non Judicial Stamp Paper to be attached in original to )

I ______________________________ (Father /Mother/ Guardian) of ______________________________ (Name of Student) who is studying in ______________________________ hereby declare that my annual income from all sources is Rs. ______________ in word Rs. ______________________________ only.)

I also declare that I belong to ______________ minority community declared as Minority Community by Government of Maharashtra, General Administrative Department Notification No. RAA/2005/89/C. 8.19/2005, dtd. 9th November, 2006.

If at any stage, it is found that the information given by me is false/not true, all benefits given to the student under the scheme of "Scholarship Scheme for pursuing Technical & Professional Studies to the students belonging to Minority Communities" could be withdrawn and legal action as deemed fit, may be taken against me or my ward.

Signature (Student)　　　Signature (Mother/Father/Guardian)

Date : .....................

Residential Address : ______________________________

______________________________

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિનું ૮ મું વસતીપત્રક

આપણા જ્ઞાતિના ૮માં વ.પ. ના પ્રકાશન માટે માહિતી એકઠી કરવા ફોર્મનું ભારતભરમાં વિતરણ થઇ ચૂક્યું છે.અને ૨૦-30% ફોર્મ ભરાઈને પરત પણ આવી ગયા છે.ફોર્મમાંથી વિગતો અને સર્વેક્ષણના તારણો અનુસાર વેબસાઈટ પર ધંધાકિય/નોકરી/રહેણાંક/રોકાણ/બાબત નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપી શાકાશે અને અન્ય માહિતીઓ દ્વારા જ્ઞાતિજનોના ઉત્થાનના માર્ગ સૂચવી શકાશે.

નવીન્યાતનું જ્ઞાતિમાં વિલિનીકરણ થવાથી તેના ૨૦૦૦ જણાની વિગત વ.પ.માં આમેજ થાય અને જ્ઞાતિના ૨૮૦૦૦ જણાની વિગત તેમને મળે અને જ્ઞાતિના ઐતિહાસિક પગલાંથી બધાયની વિગતવાળું વ.પ. બને અને વિગતો ગ્રંથાસ્થ થાય અને બધાયને મળી શકે તે ઈરાદાથી ૮મું વ.પ.પુસ્તકરૂપે છાપવાનું ઘણી વિચારણા પછી નક્કી થયું. કદાચ ટેકનોલોજીના વિકાસ ને અન્ય સાધનોની ઉપલબ્ધતા અનુસાર આ છેલ્લું જ પુસ્તકાકારે વ.પ. હશે.

જ્ઞાતિના ૭માં વ.પ.વખતે અમે જ્ઞાતિજનોને પુસ્તક કે CD નું ઓપ્શન આપેલું.પરતું પ્રતિભાવ નબળો રહયો .હમણાં પણ ઓપશન  માંગેલ છે.તે પ્રતિભાવ અનુસાર નક્કી કરશું.શક્ય સાધનના ઉપયોગ માટે જ્ઞાતિની માનસિકતા અને પ્રતિભાવ એજ છેલ્લું પગલું રહેશે.

જ્ઞાતિના ૭માં વ.પ. ની વિગતો ૧૦ વર્ષ પહેલાં તે સમયે ઉપલબ્ધ પેકેજ અનુસાર વેબસાઈટ પર ચડાવેલ.તે બાદ આ શેત્ર માં ભારતે ઘણી પ્રગતિ કરેલ છે.અને જે માહિતી આપવી હોય તે રોજે રોજ આપી શકાય તેમ છે.અને નવી વેબસાઈટ પર જઈને માહિતી મેળવવી કે આપવી જ્ઞાતિજનોને શક્ય બનશે.અતઃ જૂની વેબસાઈટ તેની મર્યાદાઓને કારણે બંધ કરાશે અને નવી વેબસાઈટ લોંચ કરાશે.કદાચ વ.પ.ની માહિતીયો ભેગી થયેલી તેને વેબસાઈટ પર ચડાવી આપણી વિગતો ચકાસી લેવા પણ જણાવશે અને સુધારાઓ હોય તો આપણી વિનંતી મળેથી સુધારીને પછી જ છાપી શકાશે . આ નવી ઉપલબ્ધ ટેકનોલોજીથી આ શક્ય થઇ શકાશે.અને વ.પ. ભુલ રહિત ઉપલબ્ધ કરી શકશો.નવી વેબસાઈટ લોન્ચ થયેથી દરેક જ્ઞાતિજને/દરેક ગામના પ્રતિનિધિએ પોતાના સુધારા જાતે વેબસાઈટ પર કે email દ્વારા જણાવવાના રહેશે અને માહિતીઓ યથાવત ઓનલાઈન થતી રહેશે.વ.પ. માટે ફોર્મ ભરાવવાની હવે ભવિષ્યમાં જરૂર નહિ પડે.ભવિષ્યમાં આપ માહિતીઓ નહીં આપો તો આપની વિગતો સ્થગિત જ રહેશે.

જ્ઞાતિમાં સગપણની સમસ્યા જટિલ છે.રહેણાંકના વિસ્તારો વધવાથી સંપર્ક નથી રહેતો.જ્ઞાતિના યુવાઓ જ્ઞાતિમાં પરણે એવું બધા ઈચ્છતા હોય કે જેથી સામાજિક અંકુશ રહે.પરંતુ રહેણાંક ,શિક્ષણ અને જમાનાની અસરને કારણે દીકરીઓ બહાર વધુ જાય છે.અને જ્ઞાતિમાં આ અંગે પ્રમાણભાન ખોટકાય છે.બહારથી વહુઓ લાવવી પડે છે.અંતરજ્ઞાતિય લગ્ન કરનાર દીકરીઓમાં છુટાછેડા વધ્યા છે અને બાળકો હોય તો વધુ સમસ્યા નામ ચડાવવાની થાય છે.આ બધું આપણે નિવારી શકીએ.વસ્તીપત્રક તેની ઓનલાઈન વેબસાઈટ દ્વારા સંપર્ક માં રહીએ અને જ્ઞાતિના સથવારે સામાજિક/વ્યક્તિગત જવાબદરીઓ નિભાવીએ.વેબસાઈટ ઓનલાઈન થવાથી વિગતો જલદીથી સમયસાર નોંધાશે અને આપનને મળતી

રહેશે.આ સમસ્યા નિવારવા વેબસાઈટમાં શિક્ષણ/ઉમર/ગોત્ર અનુસાર કેટલા જણ ઉપલબ્ધ છે.તે સેવા પણ ચાલુ કરાશે.

જ્ઞાતિજનો પોતાના વ્યવસાય/ધંધાની લાઈનમાં જ્ઞાતિજનોને સહાય કરી શકે યા જ્ઞાતિજનો માહિતી મેળવી પોતાના ભાઈયો પાસેથી સેવા મેળવી શકે તે માટે જ્ઞાતિની 'યેલો પેજેસ'(ધંધાકિય/વ્યવસાયિક માહિતીસભર ડિરેક્ટરી )હાલમાં ભરતા ફોર્મથી ઉભી કરવાની તેમ છે.આપની વિગતો આપણા ફોર્મની 'Q' કોલમમાં વિગતવાર ભરશો કે જેથી આ શક્ય બને અને આપ આપનો ધંધો વગર મેહનતે વધારી શકશો અને જ્ઞાતિજનો ને સહાય રૂપ થશો.

જ્ઞાતિની વેબસાઈટ પર આપ વીઝીટ કરી શકો તે માટે આપણી વ્યક્તિગત ઓળખ હશે તે અનુસાર આપના કુટુંબમાંની વિગત જાણી શકશો અને બીજી વિગત જોઈતી હોય તો વેબસાઈટ પર આપની ઓળખ આપશો તો આગળ વધાશે,આપના ઓળખના નંબરની વિગત બીજા ને નહી આપતા.જ્ઞાતિજન સિવાય કોઈ આગળ નહી વધી શકે તેની તકેદારી રખાઇ છે.આપસૌ ના સહકાર ની આવશ્કતા રહેશે.

સરકારી ખાતાં/બેંક/સંસ્થા આપણેને આપણા યુનિક નંબર આપે છે તેમ અહી પણ થશે.અને બધાયને જ્ઞાતિના સભ્ય છો તે KDO Card પણ અપાશે કે જેથી જ્ઞાતિ સંસ્થાઓ / જૈન સંસ્થાઓમાં જરૂર અનુસાર જણાવી/બતાડી સેવા લઈ શકાશે.

જ્ઞાતિની સર્વાંગિણ પ્રગતી માટે સર્વેક્ષણ આપેલ છે. જરૂરથી યોગ્ય વિગત આપશો.એથી જ્ઞાતિની પરિસ્થિતિ આકડામાં જાણી શકાશે,વ્યક્તિગત નહી.અને એ દ્વારા જ્ઞાતિ ઉત્થાનના કાર્યક્રમો યોગ્ય સંસ્થાઓ નક્કી કરી શકશે.જ્ઞાતિ માં અંગ્રેજી શિક્ષણ નું પ્રમાણ ઘણુંજ વધેલ છે.ઘણા ૩૦/૪૦ ની ઉમરના જ્ઞાતિજનો ગુજરાતી વાંચી શકતા નથી.તેથી અંગ્રેજી માં પણ વ.પ. ની જોગવાઈ રાખેલ છે.

સંસ્થા/મહાજન/એકમ લેવલે ઓફીસ માં કમ્પ્યુટર સીસ્ટમ હોવી ઈચ્છનીય છે.કદાચ નજીકના ભવિષ્યમાં આ સ્થિતિ પામવા આપણે પ્રયત્ન કરીશું તો શક્ય બનશે.

આપણા જ્ઞાતિપત્રમાં નજીકના ભવિષ્યમાં બહાર પડનાર ૮માં વ.પ. બાબત કેટલાક લખાણ છપાયા છે.તેમાં જણાવેલ સૂચન કે મુંજવણો વ્યક્તિગત માર્યાદિત સમજણ કે ટેકનોલોજી ની લેટેસ્ટ ડેવલોપમેન્ટની અજ્ઞાનતા ને કારણે હોઈ શકે.જ્ઞાતિને વ.પ. ની બાબત છેલ્લા કેટલાક અંકમાં વ.પ. સમિતિએ પણ ફોર્મ બાબત/વિગતો બાબત જ્ઞાતિજનોને માર્ગદર્શન આપેલ છે.

આશા છે આપ વ.પ. સમિતિની સમયાનુસાર જરૂરી સેવાઓની માનસિકતાથી વિચારીને નક્કી કરેલ સિદ્ધાંતો ની કદર કરીને સહકાર આપી જ્ઞાતિને આગળ ના સૈકામાં પદાર્પણ કરવાની મહેચછાને માન આપશો.

ફોર્મ વ.પ. ઓફિસે પહોચાડવાની છેલ્લી તારીખ **૩૧.૧૦.૨૦૧૨** છે.સૌ જ્ઞાતિજનો/પ્રતિનિધિઓ ને વિનંતી છે કે વહેલાસર બાકીના ફોર્મ ભેગા કરી વ.પ. સમિતીની ઓફિસે મોકલવાની વ્યવસ્થા કરશો.

**આપના હકારાત્મક અભિગમ અને સહકારની અપેક્ષા સાથે વિરમીએ છીએ.**

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

KDO

માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા ગૃહઉદ્યોગ ટ્રસ્ટ
દ્વારા

**દિપાવલી સ્પેશ્યલ**

**ચોકલેટ બોક્ષ રૂ. ૩૫૦ , કાજુકતરી ૫૦૦ કિલો ,**
**ડ્રાયફ્રુટ સેલ ૬૦૦ કિલો, મોતીચૂર લાડુ 300 કિલો**

ગીફ્ટ પેકીંગમાં ઉપલબ્ધ

: વેચાણ કેન્દ્ર :

| | |
|---|---|
| મસ્જીદબંદર | : 2378 0447 |
| અનંતછાયા ઘાટકોપર | : 2506 9099 |
| ભાંડુપ અનંતસિદ્ધિ | : 2595 6893 |
| ડોંબીવલી | : 0251-248 38 21 |

: વધુ વિગત માટે :
રાયચંદ શીવજી લોડાયા - 98 211 31206

★ SALE ● સેલ ★ SALE ● સેલ ★ SALE

**મહાવીર (માટુંગા સે.રે.)**
Mahavir Building Compound, Bhandarkar Road, Matunga

**દશેરા – દિવાળી સેલ ધમાકા**

મંગળવાર, તા.૧૬-૧૦-૧૨ થી મંગળવાર તા.૧૩-૧૧-૧૨

**મહાવીર'સ એમ્બ્રોઈડરી**
**24025070 / 65046030 / 8652239537**

**SALE 20% TO 50% *Discount***

● પારસી હેન્ડવર્ક, મશીનવર્કમાં સાડી અને કુર્તી ● ટેસ્ટેડ જરીની સાડી, ચણિયા ચોળી ● બટ કસબની સાડી તથા બોર્ડર ● ઘરચોળા, બાંધણી માટે કટવર્ક, કસબ, ગોટા તથા ફેન્સી બોર્ડર ● ઢાકાઈ, પારસી, ફ્રેન્ચ નોટ, કાશ્મીરી, લખનવી, કચ્છી ભરત, દેશી ભરત, શેડો વર્ક, તાર વર્ક, પીટ્ટા વર્ક જેવી અનેક વેરાયટી તૈયાર તેમજ ઓર્ડરથી બનાવી આપીશું. ● તમારી બાંધણી ઉપર હૈદ્રાબાદી મીરર વર્ક, બાદલા વર્ક, નાકા ટીકી, તાર વર્ક, પીટ્ટા વર્ક કરી આપીશું. ● દરેક પ્રકારનું ભરતકામ તેમજ ઓલ્ટરેશન કરી મજુરી ઉપર ૨૦ ડીસ્કાઉન્ટ ● પ્લેઈન તથા ડાયેબલ સાડીમાં અનેક વેરાયટી

**સેમ્પલની સાડીઓમાં ૪૦% થી ૫૦% ડિસ્કાઉન્ટ**

● જુની સાચી જરીની સાડી, ચણિયાચોળી, ઘરચોળા, બોર્ડર-સેલા સારા ભાવે વેચાતા લઈશું.

**ALL DAYS OPEN UPTO DIWALI**

★ SALE ● સેલ ★ SALE ● સેલ ★ SALE

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

KDO
દશાઓની નવી દિશા

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
ના ઉપક્રમે
**પંચવર્ષીય કાર્યક્રમના સહયોગી દાતાઓના સહયોગથી**

# ૬૯મો સમૂહ લગ્ન

રવિવાર, તા. ૧૬-૧૨-૨૦૧૨ ના
યોજાશે.
લગ્ન લખાવવાની છેલ્લી તાઃ ૩૧-૧૦-૨૦૧૨

વધુ વિગત : કન્વીનર
મુકેશ ભવાનજી લોડાયા – ૯૮૨૧૧૫૪૩૨૬
રાહુલ મેઘજી ધુલ્લા – ૯૮૨૧૪૮૧૪૫૦
**મેમ્બર :** દેવેન શાંતિલાલ ધરમશી, વીરેન્દ્ર ભવાનજી લોડાયા, હરીશ ખેતશી શીયાલ, અરવિંદ રાયચંદ લોડાયા, વિપુલ કરમશી લોડાયા, ચાંદની પરેશ લાલકા, કિરણ ગોવીંદજી ધુલ્લા

Since 1984...
**Lagna Deep**
બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

• રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા લેવામાં આવશે.
**Mob.: 7666688881**
ગુરૂવાર બંધ



।। શ્રી ગોડીયા પાર્શ્વનાથાય નમઃ ।।

# સસ્નેહ આમંત્રણ



## શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ રાપરગઢ, નાની સિંધોડી મહાજન આયોજિત

# ચતુર્થ સ્નેહમિલન

ભારતભરમાં વસતા બન્ને ગામવાસીયો ત્થા નિયાણી બહેનોના પરિવાર સાથેનું સ્નેહમિલન રવિવાર તા. ૦૨/૧૨/૨૦૧૨ રોજ સવારે ૯.૦૦ થી ૩.૦૦ વાગ્યા સુધી શેઠશ્રી નરશી નાથા સભાગૃહ, અનંત સિધ્ધી, એલ. બી. એસ. રોડ, ભાંડુપ (વે.) મુંબઇ - ૭૮. ખાતે ભક્તિ ગીત / સાંસ્કૃતિક કાર્યક્રમ / રાસ ગરબા રાખેલ છે.

આ શુભદિને બન્ને ગામવાસીયો અને નિયાણી બહેનો, દિકરીઓને સહકુટૂંબ પધારવા દાતાશ્રી પરિવાર તરફથી ભાવભર્યું આમંત્રણ છે.

**આ નિમંત્રણને રૂબરૂ આમંત્રણ સમજીને જરૂરથી પધારશો.**

દાતા પરિવાર :

**માતુશ્રી લક્ષ્મીબેન નરશી પદમશી મૈશેરી પરિવાર (નાની સિંધોડી)**

ભક્તિ ગીત / સાંસ્કૃતિક કાર્યક્રમ / રાસ ગરબા

સાદર કર્તા :

**ચેતના હરીયા** અને સાથી કલાકારો

બન્ને ગામની બહેનો અને નિયાણી બહેનો ને વર્ષ ૨૦૧૩ ના સભ્ય બનવા માટે

**શ્રી ક.દ.ઓ. ગોડિયા પાર્શ્વનાથ સખી મંડળ**

રાપરગઢવારી - નાની સિંધોડી વિનંતી કરે છે.

# અશ્રુભીની શ્રદ્ધાંજલી



જન્મ
તા.3-6-1959





દેહવિલય
તા.11-10-2012

**સ્વ. અનિલ પુનશી દેવશી લોડાયા-કચ્છ જખૌ (ઉ.વ.53)**

**કલા આપના રગ રગમાં વસી,**
**કેટલાયની રજૂઆતમાં પૂર્યા રંગ**
**અણધાર્યા વિદાય લીધી**
**કાળની કેડીઓ બસ ઓછો આપ્યો સંગ**

***ચી. અનિલ પુનશી દેવશી લોડાયા–કચ્છ જખૌ (ઉ.વ.૫૩)ના***
***તા.૧૧–૧૦–૨૦૧૨ને ગુરૂવારના થયેલ આકસ્મિક દેહવિલયથી ખૂબ જ દુઃખ થયેલ છે.***
***દેહ (શરીર) નાશવંત છે, જ્યારે આત્મા અમર છે.***
***એવા એમના પવિત્ર આત્માને ઈશ્વર શાશ્વત શાંતિ અર્પે એ જ પ્રાર્થના.***

● શ્રદ્ધાસુમન ●

દેવશી મણશી લોડાયા પરિવાર - મુલુન્ડ (ઈસ્ટ)
માતુશ્રી હીરાબેન પુનશી લોડાયા - મુલુન્ડ (ઈસ્ટ)
માલશી કલ્યાણજી મોતા પરિવાર - કલકત્તા - સેલમ

GRAPHIC (INDIA)

# ભાવભરી શ્રધ્ધાંજલિ

ઉમર વર્ષ ૮૯



અરિહંત શરણ
૬-૧૦-૨૦૧૨

**માતુશ્રી ઝવેરબાઈ લાલજી મોતા**
**(વારાપધર - હૈદરાબાદ)**

***જીવન એવું જીવી ગયા જે કદી ભુલાય નહીં.***
***વિદાય એવી લીધી જે કદી વિસરાય નહીં,***
***જીવન પથ આમ તો છોડી જવાય નહીં.***
***પણ મોક્ષ પંથે જનારને કોઈથી રોકી શકાય નહી!***

***પરમ કૃપાળુ પરમાત્મા આપનાં આત્માને પરમ શાંતિ આપે***
***એવા ભાવપુર્વક શ્રધ્ધાંજલીના સુમન અર્પણ કરીએ છીએ...***

**-: અશ્રુભરી શ્રધ્ધાંજલિ :-**

| | | |
|---|---|---|
| પુત્ર-પુત્રવધુ | : | **સ્વ. પ્રભાબેન અને સ્વ. અભયચંદ કાનજી મોતા** |
| પુત્ર-પુત્રવધુ | : | **અ.સૌ. હીરાવંતી ધનપત લાલજી મોતા** |
| પૌત્ર-પૌત્રવધુ | : | **અ.સૌ. હેમાલી નીતેશ ધનપત મોતા** |
| પૌત્ર-પૌત્રવધુ | : | **અ.સૌ. નીશીતા ભાવેશ ધનપત મોતા** |
| પરપૌત્ર-પરપૌત્ર | : | **કૈવલ્ય, દેવ, વર્ણીકા** |
| પૌત્રી-પૌત્રી જમાઈ | : | **અ.સૌ. દીવ્યા જીતેન જવેરચંદ નાગડા** |
| પૌત્રી-પૌત્રી જમાઈ | : | **અ.સૌ. નુતન ભાવેશ સુભાષચંદ ખંડોર** |
| પરદોહીત્ર-પરદોહીત્રી | : | **સોમ, ભક્તિ, હેત્વી** |
| દીકરી-જમાઈ | : | **ગં.સ્વ. માનબાઈ લક્ષ્મીચંદ લોડાયા** |
| - " - | | **ગં.સ્વ. સુશીલાબેન વીશનજી ધરમશી** |
| - " - | | **અ.સૌ. લક્ષ્મીબેન લલીત નાગડા** |
| ભાઈ-ભાભી | : | **ગં.સ્વ. લીલાવંતી સોમચંદ લોડાયા** |

**સમસ્ત શા. પરબત ખીમજી મોતા પરિવાર**

## સમાચાર સંકલન

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### સમસ્ત જ્ઞાતિ મહાજન ટ્રસ્ટબોર્ડની બેઠક

સમસ્ત જ્ઞાતિ મહાજનના ટ્રસ્ટબોર્ડની ૮મી બેઠક તા.૧૪-૧૦-૧૨નાં સવારે ૧૦ વાગે વહીવટી કાર્યાલયે મુંબઈમાં મળેલ.. જેમાં ૮ ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા.. સભાનું પ્રમુખસ્થાન શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયાએ સંભાળ્યું.

ટ્રસ્ટી શ્રી ભુપેન્દ્ર મુરજી દંડના મેનેજીંગ ટ્રસ્ટીપદના તા.૪-૨-૧૨ના રાજીનામાપત્રનો સ્વીકાર કરાયો.. ખાલી પડેલ બેઠકમાં શ્રી કિરીટ લક્ષ્મીચંદ લાપસીયાની મેનેજીંગ ટ્રસ્ટીપદે નિમણુંક કરાઈ.

મુંબઈમાં જ્ઞાતિના અતિથીગૃહ નિર્માણ અંગે ચર્ચા થઈ. એ સંબંધે મુંબઈ મહાજનશ્રીના પદાધિકારીઓને આ બેઠકમાં આમંત્રવામાં આવેલ.. જેમાં મુંબઈ મહાજન પ્રમુખ શ્રી નયન ભેદા, ઉપપ્રમુખ શ્રી સંજય અજાણી, માનદમંત્રી શ્રી ચેતન મોતા અને વ્ય. સમિતિસભ્ય શ્રી કુમાર દંડ પધારેલ..

સેક્રેટરી જનરલ શ્રી ચીમન મોતાએ સમસ્ત મહાજનવતી મુંબઈમાં અતિથીગૃહ નિર્માણની આવશ્યકતા અને જ્ઞાતિ જનજાગરણ અભિયાનમાં આવેલ જ્ઞાતિની મુખ્ય માંગ હોઈ તેની રૂપરેખા-પ્રસ્તાવના રાખી હતી અને આપણે સૌ સાથે મળી જ્ઞાતિની આ જરૂરીયાત કેમ પુરી કરી શકીએ તેની ચર્ચા કરી ઉકેલ લાવવા દરેકના વિચારો વ્યક્ત કરવા જણાવેલ. જેના અનુસંધાનમાં શ્રી નયન ભેદાએ મુંબઈ મહાજન અને અનંતનાથ ટ્રસ્ટ વતી આ બાબતે વિચારાયેલ ભાવિ આયોજનો, એ બાબતની પુર્તતાની શક્યતાઓ અને હાલમાં એ હાથ પર લેવા આવી રહેલ પ્રશ્નો-મુશ્કેલીઓ સવિસ્તર રજુઆત કરેલ.. આ વિષયે ઉપસ્થિતિ સૌએ પોતપોતાના સુચન-મંતવ્ય રાખેલ અને ઉકેલ કાઢવા હજી સવિસ્તર સમજણ અને માહિતી મેળવી નિર્ણય લેવા મુંબઈ મહાજનના પદાધિકારીઓ, અનંતનાથ ટ્રસ્ટબોર્ડ અને સમસ્ત મહાજનનું ટ્રસ્ટબોર્ડ એક સંયુક્ત બેઠક બોલાવી સવિસ્તર અભ્યાસ કરી સમગ્રતયા જ્ઞાતિહિતમાં કોઈ વ્યવહારું ઉકેલ કાઢવા સૌ સાથે મળી પ્રયત્ન કરીએ  અને પ્રશ્ન ઉકેલાય તો અનંતનાથ ટ્રસ્ટ પાસે પૈસા આવવા શક્ય બને અને ટ્રસ્ટની મિલ્કતોમાં જ ક્યાંક યોગ્ય જગ્યાએ જ્ઞાતિની આ માગ પુરી કરી શકાય એમ છે એમ તેમણે જણાવ્યું.

આ સંયુક્ત બેઠક તા..૩૧-૧૦-૧૨ના શ્રી અનંતનાથ જિનાલયે નક્કી થયેલ છે. આમ મુંબઈમાં અતિથીગૃહ નિર્માણ અંગે સામુહિકરીતે ઉકેલ લાવવા પ્રયત્ન ચાલુ થયા છે.

સમસ્ત મહાજન દ્વારા બીજા મુદ્દામાં મુંબઈમાં જ્ઞાતિ જનજાગરણ સંપર્ક અભિયાન વિષે ચર્ચા કરતા નક્કી થયું કે જે જે સંસ્થાઓ, મંડળો અને સંઘોમાં જ્ઞાતિ જનજાગરણ-સંપર્ક સભાઓનું આયોજન ગોઠવાય ત્યાં બન્નેના સૌ પ્રતિનિધિઓ અને વધુમાં વધુ જ્ઞાતિજનો જોડાય અને જ્ઞાતિહિત સંબંધી ચર્ચાવિચારણા થાય તેમ સૌને અનુકુળ યંત્રણા  સમન્વયથી ગોઠવવી.

ભારતભરમાં થયેલ જનજાગરણ અભિયાનના પરીણામસ્વરૂપ જ્ઞાતિમાગ-સુરનો અહેવાલ તૈયાર કરી જાહેર કરાશે. સમસ્ત જ્ઞાતિ મહાજન અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘનાં સભ્ય થઈ જ્ઞાતિનું પ્રતિનિધિત્વ કરશે.

સમસ્ત જ્ઞાતિ મહાજન દ્વારા લવાદપંચ, વતનમાં જમીન-મિલ્કતોના પ્રશ્નો અંગે જ્ઞાતિજનોને માર્ગદર્શન આપવા અને મદદરૂપ થવા, મુંબઈ પધારતા જ્ઞાતિજનોને જરૂરી માહિતિ આપવા, વૈદકીય સારવાર પ્રશ્ને માર્ગદર્શન કરવા હેલ્પ લાઈનરૂપે કેન્દ્ર કાર્યરત કરવા, બાળમેળા-ઉગતી પેઢીને સંસ્કરણ કરવા શિબિર કાર્યક્રમો ગોઠવવા વિવિધ સમિતિઓની રચના કરાઈ છે અને તેમના કાર્યની રૂપરેખા ઘડાઈ છે તે માટેનો લાભ લેવા જ્ઞાતિજનોને અનુરોધ છે. એ સમિતિઓના નામ-ફોનનંબર અને તેમાં લાભ લેવાની પ્રક્રિયા વિધિ જાહેર કરાશે. સમસ્ત મહાજન જાન્યુથી ડિસેંબર ૧૩ કેલેન્ડર જેમાં અચલગચ્છીય તિથી


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

પંચાગ અને જ્ઞાતિને સ્પર્શતી વિવિધલક્ષી ઉપયોગી માહિતી આપતું કેલેન્ડર પ્રકાશિત કરશે. આ કેલેન્ડરમાં ઉપર અને નીચે સૌજન્યપટ્ટી જાહેરાત સ્વરૂપે વહેલો તે પહેલોનાં ધોરણે લેવાશે. આ કેલેન્ડર જ્ઞાતિના સર્વ પરિવારોને પહોંચાડવામાં આવશે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ

મુંબઈ મહાજનની વ્ય. સમિતિની સભા તા.૧૭-૧૦-૧૨નાં સાંજે ૭ વાગે અનંતનાથ જિનાલયના ઉપાશ્રયે એકત્ર મળેલ. જેમાં ૩૭ સભ્યો ઉપસ્થિત રહેલા. તા.૨૮-૩-૧૨ની મીટીંગની મિનિટસ શ્રી ચેતન મોતાએ વાંચી જે બહાલ રખાઈ. મહાજનશ્રી પ્રવૃતિઓનો અહેવાલ વિવિધ સમિતિઓના સભ્યોએ રજુ કરેલ જેની અનુમોદનાસહ નોંધ લેવાયેલ.

શેઠ નરશીનાથા મેડીકલ ટ્રસ્ટની માહિતી શ્રી પારસ મૈશેરીએ આપેલ. ૪૩૬ પરિવારોને રાહતદરે કે નિશુલ્ક પ્રિમીયમે આરોગ્ય વીમા સુરક્ષા કવચ અપાયું છે. પ્રિયમીયમ, ફોર્મસ અને વધુ વિગત કાર્યાલયેથી જાણી લેવા જણાવાયું છે. શિક્ષણ સમિતિ વતી પોલમીબેન ધરમશીએ એપ્ટીટ્યુટ ટેસ્ટ, કાઉન્સીલીંગ, કેરીયર ગાઇડન્સ, કોમ્પ્યુટર પ્રશિક્ષણ, શિક્ષણ માટે લોન વગેરેની સવિસ્તર માહિતી આપી. જ્ઞાતિની બધીજ શૈક્ષણિક સંસ્થાઓ એક છત્ર હેઠળ આવી સંયુક્તપણે સેવા કાર્ય કરે છે. સૌ. દિપ્તીબેન ધરમશીએ SPS ટ્રસ્ટના લાભ અંગે માહિતી આપેલ. કોમ્પ્યુટર તાલીમવર્ગમાં ૩૫ જણાંએ લાભ લીધેલ અને વધુ લઈ રહ્યા છે.

સમુહલગ્ન સમિતિ દ્વારા રાહુલ ધુલ્લાએ અહેવાલ આપી ૯૯મો સમુહલગ્ન તા.૧૬-૧૨-૧૨ના કાંજુરમાર્ગમાં યોજાશે અને જ્ઞાતિજનોને નવયુગલો માટે લગ્ન ભેટ સોગાદ નોંધાવી આ પ્રવૃતિને પ્રોત્સાહિત કરવા જણાવેલ. યુવા અને સ્પોર્ટસ સમિતિ વતી શ્રી અજય લોડાયાએ આગામી કાર્યક્રમો રમતગમત અને ટ્રેડ ફેર વિષે માહિતી આપી. આઈ.ટી. સમિતિ વતી શ્રી અમીત ધુલ્લાએ વેબસાઈટ, હેલ્પલાઈન નંબર, SMS સેવા વિષે માહિતી આપી અને મહાજન પ્રવૃતિના સમાચાર/ફોટા ત્વરીત મોકલવા વિનંતી કરેલ. ગૃહઉદ્યોગ સમિતિ વતી શ્રી સંજય અજાણીએ માહિતી આપી જણાવ્યું કે ગૃહઉદ્યોગ પોતાની પ્રવૃતિઓ વિસ્તારે છે અને હવે તેના ખાદ્ય પદાર્થોની સારી માંગ આવી રહી છે. તહેવારોમાં ખાસ સ્પેશ્યલ આઈટમો; મિઠાઈઓ, ચોકલેટ્સ વગેરેનો લાભ લેવા અનુરોધ કરાયેલ.

ધાર્મિક અને યાત્રા પ્રવાસ સમિતિવતી શ્રી કુમાર દંડે અહેવાલ આપેલ. પર્યુષણ ઉજવણી, દેવદ્રવ્ય વૃધ્ધિ, તપસ્વી બહુમાન, કચ્છ દર્શન યાત્રા વગેરે ની નોંધ લેવાઈ અને આગામી કાર્યક્રમોની જાણ કરાઈ. હાલમાં અનંતનાથ જિનાલયે ચાલતા વિશિષ્ટ અનુષ્ઠાનની માહિતી અપાઈ. કેરલા ટુર અને ગુરૂ ગુણ શતાબ્દિ ઉજવણીની જાણકારી અપાઈ. ૧૪૦૦થી વધુ વરસીતપ અભિયાનમાં જ્ઞાતિનાં દોઢસોથી વધુ તપસ્વી જોડાયા છે. એમની હસ્તીનાપુર, પાલીતાણા અને ૭૨ જિનાલયની તીર્થયાત્રાનું આયોજનથી વાકેફ કરાયેલ જેમાં ટ્રેન પ્રવાસ વ્યવસ્થા શ્રી ચેતન મોતા દ્વારા (TMT)ની આયોજનમાં છે.

પ્રાર્થનાસભા/લાગા આદિ સમિતિવતી શ્રી તેજપાર ધરમશીએ માહિતી આપી. વૃધ્ધપેન્શન સાધર્મિક સહાયતા સમિતિ વતી શ્રી વીરેન્દ્ર લોડાયાએ માહિતી આપી. હાલ ૫૫ પરિવારને મદદ અપાય છે. હજી સરવે પ્રક્રિયા ચાલુ છે. આ ઉપરાંત અનંતનાથ ટ્રસ્ટ તરફથી પણ જરૂરતમંદ ૧૫૦થી વધુ વડીલોને રૂા.૭૦૦થી ૯૦૦ સુધીના માસિક નિભાવ ફંડ મોકલાય છે.

એકાઉન્ટસ સમિતિ વતી શ્રી રાજેશ છેડાએ અંદાજિત આવક જાવક દરેક પ્રવૃતિ પ્રમાણે રજુ કરી. દાનવચનો પુરા કરવા અપીલ કરેલ અને પ્રોજેક્ટ પુરો થતાં તે સમિતિએ તુરંત ખર્ચાની વિગતો પુરી પાડવી જેથી હિસાબો સમયસર જાળવવા સુગમતા રહે.

મહાજનશ્રીના સહયોગીદાતાઓના સૌજન્યથી જ્ઞાતિઉપયોગી પ્રવૃતિઓ રાહતના દરે લાભસહ પુરી પાડવામાં આવે છે. મહાજનવાડીના વેંચાણ બાદ ત્યાંના જુના વાસણો આદિ વિષયે વિચારણાં થતાં તે હાલ બીનજરૂરી હોઈ સમિતિ દ્વારા યથા યોગ્ય જાહેરાત બાદ નિકાલ/વેંચાણ કરવામાં આવે તેમ નક્કી થયું.

મહાજનશ્રી દ્વારા વસતીપત્રક સમિતિની અપીલ વિચારીને ૮મા વસતીપત્રક માટે રૂા.૨૧ લાખનું જાહેરાત યોગદાન આપવાનું નક્કી થયું.




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**



Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia),
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

ગોરજી સમાજ તરફથી આવેલ પત્રોની ચર્ચા વિચારણા કરી નક્કી થયું કે આ બાબત સમસ્ત જ્ઞાતિ સંમેલનના અધિકારની હોઈ તે બાબત સમસ્ત જ્ઞાતિ મહાજન સાથે ચર્ચા કરી યથાયોગ્ય નિર્ણય લેવો. મુંબઈ મહાજનશ્રીને આવેલ આંતરજ્ઞાતિય બહેનોએ જ્ઞાતિજનો સાથે કાયદેસરના લગ્ન કરી મહાજનના સભ્ય બનવા કરેલ નિયત અરજીઓ પર વિચારણા કરાઈ અને તે નિયમસર હોઈ જરૂરી વિધિ સાથે મંજુર કરાઈ. અનંત સદન અગાશી, અનંતનાથ જિનાલયે નવી લીફ્ટ, દેરાસર માટે લેવાયેલ નવી ઉપકરણો ઘંટ, ચામર, બાજોઠ, ભંડારા, હાથીઅંબાડી અને અન્ય સુશોભન આદિ કાર્યોની તથા સભ્યોની સિધ્ધિઓ અને સુકૃતના યોગદાન બદલ અનુમોદના સહ નોંધ લેવાઈ.

ભાંડુપમાં શેઠ નરશી નાથા સભાગૃહ નીચેના હોલને નુતનીકરણ કરાવી વાતાનુકુલીત કરાયું છે તેની નોંધ લેવાઈ. નવા નિયુક્ત સભ્ય સૌ. ટીના પુરવ ધરમશીની ઓસ્કાર એવોર્ડ પસંદગી સમિતિમાં થયેલ નિમણુંક બદલ અભિનંદન અપાયા. તેમણે મહાજનશ્રીના ઉપક્રમે જ્ઞાતિકલાકારોને તે ક્ષેત્રે વધુ તાલીમ-માર્ગદર્શન આપવા તૈયારી દર્શાવી.

## મુંબઈ મહાજન દ્વારા આયંબીલ ઓળી

મહાજનશ્રીના ઉપક્રમે રવિવાર તા.૨૧-૧૦ થી ૩૦-૧૦ દરમ્યાન આસો માસની સાશ્વતી નવપદની આયંબીલ ઓળીનું આયોજન અનંતનાથ જિનાલયે પુ. સંયમગુણાશ્રીજી મ.સા.આ.ઠા.ની નિશ્રામાં લાભાર્થી પરિવાર મધુરીબેન મુલચંદ લોડાયા, અનંતછાયા અનંતનાથ ગૃહ જિનાલયે લાભાર્થી, જીવીસી સંઘ તથા અનંતસિધિ આદીનાથ દાદાના દરબારે પુ.અભયગુણાશ્રીજી આ.ઠા.ની નિશ્રામાં લાભાર્થી પરિવાર શ્રી ગોવિંદજી દેવજી મોમાયા-રાણપર, શ્રી મસ્જીદબંદર સંઘ, શ્રી ક.દ.ઓ. જી.વી.સી. સંઘ તથા શ્રી ક.દ.ઓ. જૈન ભાંડુપ સંઘ દ્વારા આયંબીલ ઓળી કરવવામાં આવશે.

## માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા ગૃહ ઉદ્યોગ

ગૃહ ઉદ્યોગ દ્વારા આ વર્ષે સ્પેશિયલ મીઠાઈઓ તથા ચોકલેટ વેચાણનું આયોજન છે. ઉચ્ચ ક્વોલીટીની કાજુકતરી કીલોના ૫૦૦/-, બુંદી લાડુ-દેશી ઘી રૂા.૩૦૦/- તથા એસોર્ટેડ ચોકલેટ બોક્ષના ૩૫૦/- ભાવથી, આકર્ષક પેકીંગમાં વહેલો તે પહેલોના ધોરણે બુકીંગથી મળશે. સંપર્ક : રાયચંદ શીવજી લોડાયા-૦૯૮૨૧૧૩૧૨૦૯.


શુભેચ્છા સહ....
**શીતલ કોટન ટ્રેડર્સ**
**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**
(રંગપુર-કોઈમ્બતુર)


## અમરાવતી

અત્રે દિગંબર જૈન સમાજ સારી સંખ્યામાં છે. છ જિનાલય છે. તા.૨-૧૦-૧૨ના સર્વે જૈન ફિરકા એક મંચપર એકત્ર આવી સમુહ ક્ષમાપના કરેલ અને હિંસાચાર વિરૂધ્ધ આંદોલનમાં કતલખાના બંધ કરાવવા અવાજ ઉઠાવેલ. પૂ. મુનિ શ્રી જયદર્શન વિજયજી તથા પૂ.સા.શ્રી દિવ્યજ્યોતી તથા સમતા મહાસતીજીએ માર્ગદર્શન કરેલ. પ્રારંભે સામુહિક નવકાર જાપ હતા. અગ્રાણીઓએ પ્રાસંગિક "ક્ષમા" વિષે ઉદ્દબોધન કરેલ. આજે વિદેશોમાં પણ પ્રદુષણના કારણે કતલખાના બંધ થઈ રહ્યા છે. પણ આપણાં આર્યસંસ્કૃતિના દેશ વધુ ખુલી રહ્યા છે. જે ચિંતાનો વિષય છે. આ સભા બાદ મૌન મોરચો નીકળેલ. સ્થાનિકવાસી અને દેરાવાસીઓએ ભાગ લીધેલ. બહેનોએ સારી સંખ્યામાં ભાગ લીધેલ. અમરાવતીમાં જ શરૂ થનારા કતલખાના વિરૂધ્ધ જૈન સમાજે આક્રોશ વ્યક્ત કરી વિરોધ નોંધાવ્યો છે.

## શ્રીજી ઇંગ્લીશ સ્કુલ-ધુલીયા

અત્રે શાળામાં ૧૫ ઓગષ્ટના ધ્વજવંદન ઇનર વ્હીલ ક્લબના અધ્યક્ષા સૌ. અગ્રવાલના હસ્તે કરાયું. છાત્રોએ ત્રિરંગા કલરના ફુગ્ગા છોડી ત્રિરંગા કલરના ગણવેશ સાથે પરેડ રજુ કરી રાષ્ટ્રધ્વજને સલામી આપી. છાત્રોએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, કવાયત, દેશભક્તિ ગીતો, નૃત્ય વગેરે રજુ કર્યા. બાળકોને ઉત્તમ રજુઆત માટે ઇનામો આપી પ્રોત્સાહિત કરાયા. સર્વેને ફળ અને બિસ્કીટની લહાણી થઈ. આ પ્રસંગે વિદ્યાર્થીઓ, શાળા શિક્ષકગણ, સ્ટાફ અને શાળા સંચાલક મંડળ હાજર રહ્યું.

તા.૫-૯-૧૨ના શિક્ષકદિનની ઉજવણી થઈ. આ પ્રસંગે વિધાનસભ્ય શ્રી શરદ પાટીલ ઉપસ્થિત રહ્યા. રાષ્ટ્રીય એકાત્મતાના કાર્યક્રમ રજુ થયા. પધારેલ અતિથીવિશેષોએ શાળાની અભ્યાસેતર પ્રતિઓની પ્રશંસા કરી છાત્રોના ભાવિ ઘડતર માટે વ્યક્તિવિકાસ અને સંસ્કાર સિંચનની પ્રવૃતિઓને બીરદાવી હતી. સ્ટાફની કાળજી અનુમોદનીય રહી છે.

યોગનિષ્ણાંત ગીતાબેન જૈને પોતાના ઉદબોધનમાં શિક્ષકની વ્યાખ્યા સમજાવી શિસ્ત, ક્ષમા અને કર્તવ્યને પ્રાધાન્ય આપી જીવનઘડતરનું માર્ગદર્શન કરેલ. મહેમાનોનું સ્વાગત કરી શિક્ષક સન્માન કરાયેલ. આ પ્રસંગે શાળા સંચાલક મંડળ અને સ્ટાફ સહ અનેક અગ્રાણીઓ પધારેલ.


શુભેચ્છા સહ....
**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન–જખૌ

જખૌ મહાજન અને રત્નટૂંક દેરાસર ટ્રસ્ટની સંયુક્ત બેઠક તા.૧૩-૧૦-૧૨નાં સાંજે ભાંડુપમાં એકત્ર મળેલ જેમાં મહાજન વ્ય. સમિતિના ૮ જણાં ઉપસ્થિત રહ્યા હતા અને ટ્રસ્ટબોર્ડના કોઈ પણ ટ્રસ્ટી હાજર રહ્યા ન હતા. તીર્થ દેરાસરમાં જરૂરી જિર્ણોધ્ધાર અતિથીગૃહ, ભોજનશાળા વગેરેનું જરૂરી રીપેરીંગ આદિ કાર્ય સત્વરે કરવાના હોઈ જેનું આયોજન થાય તે જરૂરી છે. આ બાબતે મહાજનશ્રીની સામાન્યસભા બોલાવાશે.

## અલકા કિશોર દંડ

અલકા કિશોર દંડ (મુલુંડ) ઘણાં વખતથી બહેનોને ફ્રી બેઝીક બ્યુટી પાર્લર કોર્સ શીખવી બહેનોને સ્વાવલંબી બનાવવામાં મદદરૂપ થઈ રહ્યા છે. સંપર્ક : અલકા દંડ-૦૯૯૨૦૨૮૬૮૬૪

## શ્રી કે.ડી.ઓ. જી.વી.સી. જૈન સંઘ

સંઘ દ્વારા દર મહિને થતી મહાકાળી ભાવના આ વખતે માતુશ્રી જયાબેન મહેન્દ્ર નાગડા પરિવાર (નલીયા-ઘાટકોપર) તરફથી તા.૨૭-૧૦-૧૨ની રાત્રે ૯ વાગે ભણાવાશે. સકળ સંઘને પધારવા આમંત્રણ છે.

## મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ, મલકાપુર

મંચના ઉપક્રમે "સ્વયં સ્વસ્થ બનો" અભિયાન અંતર્ગત તા.૧૩ થી ૨૨ સપ્ટેમ્બર"૧૨ સુધી સવારે ૬ થી ૮ માં શિબિર યોજાઈ. શ્રી સુમતિનાથ ભવનમાં ડો. ગીતાબેન જૈન અને તેમના સહાયક દિપકભાઈ જાનીએ શિબિરમાં યોગઅભ્યાસનું માર્ગદર્શન કરેલ. સ્વાસ્થ્ય જન જાગૃતિ માટે આ ઉપયોગી કાર્યક્રમ થયેલ. પ્રાણાયમ, મુલબંધ તથા વિવિધ આસનો અને સાથે મનની એકાગ્રતા કેળવાનું આ પ્રશિક્ષણ સૌને ઉપયોગી રહ્યું. ઘણાંને પગ-કમર-સ્પોન્ડોલિસીસ આદિ વ્યથાઓમાં કુદરતી સારવાર થકી રાહત થઈ. આયુર્વેદ દવાઓના કુદરતી લાભની સમજ અપાઈ. ૧૦ દિવસીય આ શિબિર મંચના સભ્યો તથા મલકાપુરવાસીઓને ઉપયોગી રહી. મંચવતી પ્રતિભાબેન દંડે શિબિરનું સંકલન સંયોજન કર્યું. મંચ દ્વારા ડો. ગીતાબેન લિખિત યોગક્રિયાની પુસ્તકા બધાને ભેટ અપાયેલ.

## મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ–મલકાપુર

મહારાષ્ટ્ર એકમની વાર્ષિક જનરલ સભા તથા અખિલ મહારાષ્ટ્ર એકમ મહિલા મંચના ધુલિયામાં યોજાયેલ વાર્ષિક કાર્યક્રમમાં વિવિધ વિષયોપર ચર્ચા વિચારણા થયેલ. મહિલા મંચ દ્વારા વિવિધ હરિફાઈઓ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો લેવામાં આવેલ. તથા વિશેષમાં ત્રિશલામાતાના ચૌદ સપના ઘરેથી સજાવી લાવવાની હરિફાઈમાં ૭૨ જણાંએ ઉમંગ અને ઉલ્હાસથી ભાગ લીધેલ. જેમાં પ્રથમ મલકાપુર મહિલામંચના સૌ. નેહા ગૌરવ દંડ તથા દ્વિતીય સૌ. સપના હરીશ દંડ આવ્યા. આ બે દિવસના કાર્યક્રમ માટે ધુલિયા મહાજને ખુબજ સુંદર વ્યવસ્થા રાખેલ. સપ્ટેમ્બરમાં મહાકાલી માતાની ભાવના શ્રી વાલજી પુંજાભાઈ લોડાયા પરિવાર તરફથી રાખવામાં આવેલ.

## સાંધવવાસીઓની ચૈત્યપરિપાટી

સાંધવવાસીઓએ તા.૭-૧૦-૧૨ના સવારના ૬ વાગે બે બસો દ્વારા ડોંબીવલી-મુલુન્ડ-ભાંડુપથી જોગેશ્વરી તરફ પ્રયાણ કરેલ. ત્યાં દેવદર્શન કરી પૂ.આ.શ્રી કલાપ્રભાસાગરજીસુરીજીને સંવત્સરી વંદના કરી માંગલીક સાંભાળીને ત્યાં નવકારશી લાભ લઈ પીયુષપાણી-ભાયંદરના દેવ-દર્શન કરી અને નોકાડા તીર્થ દેવ-દર્શન કરી પૂ.આ.શ્રી ચંદ્રાનનસુરીજીને વંદના કરી. મહાવીરધામ પૂજા પાઠ અને દેવદર્શન કરી સાધર્મિક ભક્તિનો લાભ આપેલ. ત્યાંથી આદેશ્વરધામ ગીરનાર ધામે દર્શન કરી કામણગામમાં દેવદર્શન કરી ચૌવીહારનો લાભ આપેલ.

આ બે બસોની પંચતિર્થી કરવાનો લાભ શ્રી ચાંપશી માણેકજી લોડાયા પરિવાર (ઘાટકોપર) લિધેલ. બપોરના સાધર્મિક ભક્તિનો લાભ શ્રી ઠાકરશી લાલજી પટેલ (મુલુંડ) સાંજના ચૌવિહારનો લાભ માતુશ્રી ઝવેરબાઈ પદમશી ખોના પરિવારે (ભાંડુપ)એ લિધેલ. સૌને નારીળેરપાણીનો લાભ શ્રી રસીકભાઈ દેવરાજ લોડાયા (મુલુન્ડ), બપોરના ચા-પાણી શ્રી રાયચંદ નરશી દંડ (મુલુન્ડ), ફ્રુટ પ્રભાવના શ્રી વિરચંદ મેઘજી ખોના, ચોકલેટ પ્રભાવના વત્સલ નિખિલ પટેલ (મુલુન્ડ), નાસ્તા પેકેટ શ્રી સમીર શામજી દંડ તરફથી હતા. સાંધવવાસીઓ તથા નિયાણી બહેનોએ ચૈત્યપરીપાટીનો લાભ લીધેલ. સાંધવવાસીઓ દ્વારા સંઘ કાર્યોની સફળતાર્થે સળંગ આયંબિલ-ઉપવાસ તપસ્યા અભિયાન સંકલ્પ ચાલુ છે. તા.૧૧-૯-૧૨થી શ્રી ઉમેશ ઉમરશી ખોના દ્વારા શરૂઆત થયેલ છે. જે કોઈને પણ તપસ્યા કરવાની ભાવના હોય તેમણે નામ નોંધાવવા વિનંતી કરાઈ છે.

## દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમ

એકમ કાર્યક્ષેત્રના દરેક મહાજનો/ગામોના ૮મા જ્ઞાતિ વસતીપત્રકના ફોર્મસ ભરી તુરત એકમના બેંગ્લોર કાર્યાલયે પહોંચાડવા વિનંતી કરાઈ છે. સર્વે કાર્યકરોને દરેક ગામનું કાર્ય ચોકસાઈપુર્વક કરવા અપીલ છે.

---

**ભુલસુધાર :** પ્રસં. અંક ૪૧માં પાના નં.૯ બાંઢિયા-મૈશેરી પરિવારની જા.ખ.માં શરતચુકથી સૌ. સપના દીપેન ઘરમશી (સુથરી) છપાયેલ છે જે સુધારીને સૌ. સપના **હીતેન** ઘરમશી (સુથરી) વાંચવું.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **જીતેન શામજી** | ૩૦૪ નર્મદા ધામ નવઘર રોડ, બસ ડેપો પાસે, ભાયંદર (ઈ)-૪૦૧૧૦૫ |
| **અતુલ રતીલાલ દંડ (લાલા)** | એ/૩૦૪, વસંતા બીલ્ડીંગ, દોસ્તીવિહાર, વર્તકનગર, થાણા (વે.)-૪૦૦૬૦૬ |
| **વિજ્યાબેન લાલજી ગોસર** | ૧૦ મિલીન્દ હાઉસ, જંગલ મંગલ રોડ, ભાંડુપ (વે.), મુંબઈ-૪૦૦૦૭૮ ફોનઃ ૯૮૩૩૫૯૭૨૨૦ |
| **અરૂણાબેન અભય દૌલત** | ૧૭૦૨, બ્રીચ, સીટી ઓફ જોય, જુની સીમેન્ટ ફેક્ટરી, મુલુન્ડ (વે.), મુંબઈ-૮૦. |
| **તારાબેન જીવરાજ ખોના** | એ-૩૬૪, અમનવિલા, નારાયણનગર, દેરાસર પાસે, સૈજપુર ભોગા, અમદાવાદ-૩૮૨૩૪૫ |
| **સરોજબેન પી.શાહ** | C/o. શ્રીમદ રાજચંદ્ર આશ્રમ, રૂમ ૬૪-બી-૨, અગાશ, પો. બોરીયા-૩૮૮૧૩૦ |
| **ટોકરશી ગોવિંદજી ખોના** | સી-૪૦૪, શ્રી અનંતનાથ કોમ્પ્લેક્સ, નહેરૂ નગર, ડબા કં.પાસે, કાંજુરમાર્ગ (ઈ), મુંબઈ-400042. 25776901 |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

| | | | |
|---|---|---|---|
| શરદ ધનજી મૈશેરી (વડોદરા) | ૦૯૭૨૭૩૯૯૧૦૨ | ઉર્મિલાબેન શરદ મૈશેરી (વડોદરા) | ૦૯૯૭૯૮૫૭૯૯૫ |
| તરલકુમાર શરદ મૈશેરી (વડોદરા) | ૦૯૮૨૫૯૭૯૫૯૯ | સોનલ તરલકુમાર મૈશેરી (વડોદરા) | ૦૯૯૨૫૨૩૨૨૨૭ |
| ટોકરશી ગોવિંદજી ખોના (કાંજુરમાગ) | ૯૮૬૯૭૩૫૩૫૧ | ઉષા ટોકરશી ખોના (કાંજુરમાર્ગ) | ૯૭૫૭૩૪૭૯૯૧ |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.ફુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૭-૮-૧૨ | ડોંબિવલી | LLMA050501 | દેવાંશી-વીકી ભરત મૈશેરી | લાલા | કન્યા |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬-૧૦-૧૨ | ડોંબિવલી | TRDH080403 | કેવલ જવેરચંદ ખેતશી ધરમશી | તેરા | ૨૭ |
| | નેત્રા | BDLA050304 | ભાવિકા રાજેન્દ્ર કુંવરજી લાલકા | બાંઢીયા | ૨૫ |
| ૧૭-૧૦-૧૨ | અમલનેર | LLMA030703 | ખિરીશ નવીનચંદ જેઠાભાઈ મૈશેરી | લાલા | ૩૨ |
| | મસ્જીદ | RPMG020204 | ફાલ્ગુની દિનેશ લક્ષ્મીચંદ નાગડા | રાપર | ૩૨ |

### સગપણ છૂટા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨-૧૦-૧૨ | ડોંબિવલી | JKMA020103 | રાહુલ નવીન વિશનજી મૈશેરી | જખૌ | ૨૬ |
| | હુબલી | NLNG0110203 | પૂર્વી પ્રદિપ જીવનલાલ નાગડા | નલીયા | ૨૩ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬-૧૦-૧૨ | ઘાટકોપર | DADA0503601 | રોહિત વનરાજ દામજી માલદે | દલતુંગી | ૨૪ |
| | ઘાટકોપર | A | હેતલ હસમુખ કરસન માકાણી | દુર્ગાપુર | ૨૪ |
| ૧૭-૧૦-૧૨ | માટુંગા | A | નિખિલ બીપીન શામજી ગાલા | લાખાપુર | ૨૨ |
| | દાદર | RADH010903 | દર્શના રજનીકાંત ઉમરશી ધરમશી | રંગપુર | ૨૧ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬-૧૦-૧૨ | ડોંબિવલી | BHDD040403 | મેહુલ અરવિંદ દંડ | ભરૂડીયા | ૨૭ |
| | ડોંબિવલી | A | રેશ્મા રમેશ પરદેશી | મુંબઈ | ૨૫ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧-૧૦-૧૨ | મુલુંડ | JKLO021301 | અનીલ પુનશી દેવશી લોડાયા | જખૌ | ૫૩ |
| ૧૨-૧૦-૧૨ | કારંજા | TRLO040301 | લક્ષ્મીચંદ કાનજી દામજી લોડાયા | તેરા | ૭૭ |
| ૧૨-૧૦-૧૨ | ઇંદોર | LLMA011101 | લક્ષ્મીચંદ પુનશી દેવશી મૈશેરી | લાલા | ૮૨ |
| ૧૨-૧૦-૧૨ | ઘાટકોપર | NLCD060201 | મુળરાજ ગોવિંદજી વેલજી છેડા | નલીયા | ૫૮ |
| ૧૦-૧૦-૧૨ | રાજકોટ | NLLO09 | પ્રકાશ મુલજી પુનશી લોડાયા | નલીયા | ૫૫ |
| ૫-૧૦-૧૨ | સેંધવા | VVLA | સરલા વીરેન્દ્ર આણંદજી લાલકા | વારાપધર | ૬૮ |


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

TAN MAN® TOURS & TRAVELS

દાદર મુલુંડ પાર્લા

9323360708 • 25903514-5-6

24160708 • 32960708 • 65005758

tanmantravels@yahoo.co.in

શ્રી સમસ્ત જ્ઞાતિ મહાજનના ટ્રસ્ટ બોર્ડના મેનેજીંગ ટ્રસ્ટી પદે શ્રી કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા (રવા-ચેંબુર)ની નિમણુંક બદલ હાર્દિક અભિનંદન.

– તન-મન ટુર પરિવાર

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★

SHIKHARJI

Continental™

MADHUBAN - JHARKHAND

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

# અભિનંદન કિશોર......



આજની આપણી ભાગદોડની જીંદગીમાં એકબીજાને મળવા માટે ફુરસદ કયા છે ? સામાજિક, વ્યવહારીક પ્રસંગોને સાંચવતો આજનો માનવી સગા-સંબંધી કે અન્યને દિલથી મળવા માટે તરસતો હોવા છતાં સંજોગો અને સમયના અભાવે મળી શકતો નથી. આ મુશ્કેલીનો ઉકેલ **ભાઈશ્રી કિશોર ગોવિંદજી લાપસિયા** એ શોધી કાઢયો.

સારા-માઠા પ્રસંગે આપણને સગા-સંબંધીની જરૂર પડેછે ત્યારે ફોનપર વાત કરવી હોય તો ફોન નંબર જોઈએ કંકોતરી લખવી હોયતો સરનામું જોઈએ આ બન્ને કામ હાલાર દર્શન ડાયરીમાં પૂર્ણ થાય છે. જ્ઞાતિજનોને એકમેકનાં હૃદય સુધી પહોંચાડવા માટે કિશોરભાઈએ જે અથાગ મહેનત કરી છે તે કાબેલીયત ને લાયક છે આ બુક બનાવવામાં ખૂબજ મહેનત, ચીવટ અને સમયનો ભોગ માંગે છે. કિશોરભાઈ પોતાના સાંસારીક રીવાજો પરંપરા તથા વ્યવસાયીકની  સાથે પણ આ બુક બનાવવાની જે જહેમત ઉઠાવી છે તે અભિનંદન ને પાત્ર છે. ભવિષ્યમાં આવા સમાજને ઉપયોગી થાય એવા કામો કિશોરભાઈ કરતાં રહે એવી શુભેચ્છા સાથે જ્ઞાતિસમાજને **'હાલાર દર્શન'** અર્પણ કરવા બદલ ધન્યવાદ.

**શુભેચ્છક**

**હિરાચંદ ચાંપશી લાપસિયા**
**મણીલાલ (મનુભાઈ) નરશી લાપસિયા**
**નરેન્દ્ર પાસુભાઈ લાપસિયા**
**અનીલ વેલજી લાપસિયા**

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# ચોથી પુણ્યતીથીએ શ્રધ્ધાસુમન



જન્મ તા.
૨૩-૧૦-૧૯૩૯

અરીહંતશરણ તા.
૨૦-૧૦-૨૦૦૮

## સ્વ. શા. દામજી કુંવરજી મૈશેરી

(નાની સીંધોડી-ઘાટકોપર)

એજ ખરો પડઘો છે જિંદગીનો ભાઈ,
કે ન હોય માણસ અને નામ બોલાયા કરે !

આજે આપના સીચેલા સંસ્કાર વારસાની પ્રેરણાએ, આપે કંડારેલ કેડીપર ચાલતાં ચાલતાં મહાન તીર્થસ્વરૂપ આપના વ્યક્તિત્વને વંદન કરીએ છીએ. અમને આપના નેતૃત્વના પરિવાર હોવાનું ગૌરવ છે. પરિવારની પ્રગતિમાં આપનું યોગદાન તો છે જ, બસ સદૈવ આપના અમી આશિર્વાદ વરસતા રહે એજ અભિલાષા. દિવ્ય આત્માને ભાવાંજલિસહ વંદન...

❋ શોકાતુર ❋

**સ્વ. શા. કુંવરજી દેવશી મૈશેરી સમસ્ત પરિવાર**
**ગં.સ્વ. મંજુલાબેન દામજી મૈશેરી સપરિવાર**
**મે. આદીનાથ રોડવેજ-મુંબઈ**

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**